સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 02

[JAN - 2023]
[08/01/23 to 14/01/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

CONTACT US : 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**08 JAN-2023**


- દિવસ મહિમા : 08 જાન્યુઆરી, વિશ્વ ટાઈપિંગ દિવસ ........ 02
- National Green Hydrogen Mission ........ 02
- ઓડિશામાં બિરસા મુંડા હોકી સ્ટેડિયમનું ઉદ્ઘાટન ........ 06
- RBIએ 2023-2025ના સમયગાળા માટે 'ઉત્કર્ષ 2.0' લોન્ચ કર્યુ ........ 06
- QUESTION ANSWERS ........ 09


**09 JAN-2023**


- દિવસ મહિમા : 09 જાન્યુઆરી, પ્રવાસી ભારતીય દિવસ ........ 10
- જોશીમઠ લેન્ડસ્લાઈડ-સબસિડન્સ ઝોન જાહેર ........ 12
- આકાંક્ષી બ્લોક કાર્યક્રમ (Aspirational Blocks Programme - ABP) ........ 14
- QUESTION ANSWERS ........ 16


**10 JAN-2023**


- દિવસ મહિમા : 10 જાન્યુઆરી, વિશ્વ હિન્દી દિવસ ........ 17
- કરૂણા અભિયાન 2023 ........ 18
- સુશ્રી સાનિયા મિર્ઝા પ્રોફેશનલ ટેનિસમાંથી નિવૃત્તિ લેશે ........ 18
- ભારતીય ડેમોની સ્થિતિ (State of Indian Dams) ........ 19
- QUESTION ANSWERS ........ 21


**11 JAN-2023**


- ઓડિશાએ JAGA મિશન માટે 'વર્લ્ડ હેબિટેટ એવોર્ડ 2023' જીત્યો ........ 22
- Young Professionals Scheme : ભારત - યુકે ........ 22
- ભારતીય ફૂટબોલ વિઝન 2047 ........ 23
- QUESTION ANSWERS ........ 25


**12 JAN-2023**


- દિવસ મહિમા : 12 જાન્યુઆરી, રાષ્ટ્રીય યુવા દિન ........ 27
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'આઝાદી કી યાદે' મ્યુઝિયમનું લોકાર્પણ કર્યુ ........ 27
- પૃથ્વી-2 મિસાઈલનું સફળ પરીક્ષણ ........ 28
- બાળ મૃત્યુ દર અને મૃત જન્મ અંગેનો અહેવાલ ........ 29
- QUESTION ANSWERS ........ 31


**13 JAN-2023**


- RRR ફિલ્મના 'નાટુ નાટુ' ગીતને ગોલ્ડન ગ્લોબ એવોર્ડ ........ 32
- MV ગંગા વિલાસ ક્રુઝ (MV Ganga Vilas Cruise) ........ 33
- 26મો રાષ્ટ્રીય યુવા મહોત્સવ (National Youth Festival) ........ 34
- મધ્યપ્રદેશ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ........ 35
- QUESTION ANSWERS ........ 36


**14 JAN-2023**


- દિવસ મહિમા : 14 જાન્યુઆરી, સશસ્ત્ર દળ ભૂતપૂર્વ સૈનિક દિવસ (Armed Forces Veteran's Day) ........ 37
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં 'મિલેટ ઉત્સવ' ઉજવાયો ........ 37
- ડિજિટલ ઇન્ડિયા એવોર્ડ 2022 : e-NAM પ્લેટિનમ એવોર્ડ જીત્યો ........ 37
- QUESTION ANSWERS ........ 39

ONE LINER ........ 40
QUESTION OF THIS WEEK ........ 45


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 08 જાન્યુઆરી, વિશ્વ ટાઈપિંગ દિવસ

## National Green Hydrogen Mission

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટે ‘નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન’ (National Green Hydrogen Mission)ને મંજૂરી આપી છે.

- આ મિશનનો ઉદ્દેશ્ય ગ્રીન હાઈડ્રોજન અને તેના ડેરિવેટિવ્ઝના ઉત્પાદન, ઉપયોગ અને નિકાસ માટે ભારતને વૈશ્વિક હબ બનાવવાનો છે.
- તે ભારતને ઊર્જાથી સ્વતંત્ર બનાવવા અને અર્થતંત્રના મુખ્ય ક્ષેત્રોને ડીકાર્બોનાઈઝ કરવામાં મદદ કરશે.
- આ મિશન માટે પ્રારંભિક ખર્ચ રૂ.19,744 કરોડ હશે.

### NATIONAL GREEN HYDROGEN MISSION

| મિશન માટે પ્રારંભિક ખર્ચ : રૂ.19,744 કરોડ | નોડલ મંત્રાલય : નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય |
|---|---|




**2030 સુધીમાં લગભગ 125GWનો રિન્યુએબલ એનર્જી ક્ષમતાનો ઉમેરો**

| 2030 સુધીમાં 6 લાખથી વધુ નોકરીનું સર્જન | 2030 સુધીમાં વાર્ષિક ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જનમાં લગભગ 50 MMT ઘટાડો | 8 લાખ કરોડથી વધુનું રોકાણ |
|---|---|---|

## નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન

નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન એ ગ્રીન હાઈડ્રોજનના વ્યાપારી ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને ભારતને ઈંધણનો ચોખો નિકાસકાર બનાવવાનો એક કાર્યક્રમ છે.

- આ મિશન ગ્રીન હાઈડ્રોજનની માંગમાં વધારો કરશે તેમજ તેના ઉત્પાદન, ઉપયોગ અને નિકાસને પ્રોત્સાહન આપશે.

## પેટા યોજનાઓ

### ગ્રીન હાઈડ્રોજન ટ્રાન્ઝિશન કાર્યક્રમ માટે વ્યૂહાત્મક હસ્તક્ષેપ

તે ઈલેક્ટ્રોલાઈઝરના સ્થાનિક ઉત્પાદન માટે ભંડોળ પૂરું પાડશે અને ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરશે.

### ગ્રીન હાઈડ્રોજન હબ

હાઈડ્રોજનના મોટા પાયે ઉત્પાદન અથવા ઉપયોગને સમર્થન આપવા સક્ષમ રાજ્યો અને પ્રદેશોને ગ્રીન હાઈડ્રોજન હબ તરીકે ઓળખવામાં આવશે અને વિકસાવવામાં આવશે.

## નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશનના ઉદ્દેશ્યો

- 2030 સુધીમાં ભારતમાં લગભગ 125 ગીગાવોટની નવીનીકરણીય ઊર્જા ક્ષમતા ઉમેરવાની સાથે વાર્ષિક ઓછામાં ઓછા 5 MMT (મિલિયન મેટ્રિક ટન)ની ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન ક્ષમતા વિકસાવવી.
- તે કુલ રોકાણમાંથી રૂ.8 લાખ કરોડથી વધુ રોકાણ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે અને તેનાથી છ લાખ નોકરીઓ ઉત્પન્ન થવાની અપેક્ષા છે.
- તેના કારણે અશ્મિભૂત ઈંધણની આયાતમાં રૂ.1 લાખ કરોડથી વધુનો સંચિત ઘટાડો થશે અને વાર્ષિક ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં લગભગ 50 MTનો ઘટાડો થશે.

## નોડલ મંત્રાલય

નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયની સમગ્ર દેખરેખ અને માર્ગદર્શન હેઠળ નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન અમલમાં આવશે.

## મહત્વ

તે ઔદ્યોગિક, પરિવહન અને ઊર્જા ક્ષેત્રોનું ડીકાર્બોનાઈઝેશન આયાતી અશ્મિભૂત ઈંધણ અને ફીડસ્ટોક્સ પરની નિર્ભરતા ઘટાડવામાં, સ્થાનિક ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવા, નોકરીઓનું સર્જન કરવામાં અને નવી ટેક્નોલોજીને આગળ વધારવામાં ફાળો આપશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ક્ષમતા

ભારત ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન માટે અનુકૂળ ભૌગોલિક સ્થાન તેમજ સૂર્યપ્રકાશ અને હવાની પુષ્કળ ઉપલબ્ધતા ધરાવે છે.

- જ્યાં ડાયરેક્ટ ઈલેક્ટ્રિફિકેશન શક્ય નથી એવા વિસ્તારોમાં ગ્રીન હાઈડ્રોજન ટેક્નોલોજીનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે.
- આમાંના કેટલાક ઉદ્યોગોમાં લાંબા અંતરના પરિવહન, કેટલાક ઔદ્યોગિક અને પાવર સેક્ટરમાં ઉચ્ચ સંગ્રહ ક્ષમતાના સાધનોનો સમાવેશ થાય છે.
- ઉચ્ચ–મૂલ્યવાળી ગ્રીન પ્રોડક્ટ્સ અને એન્જિનિયરિંગ, પ્રાપ્તિ અને બાંધકામ સેવાઓની નિકાસ માટે પ્રાદેશિક હબનો વિકાસ ઉદ્યોગના પ્રારંભિક તબક્કાને કારણે શક્ય છે.

## હાઈડ્રોજન વિશે

હાઈડ્રોજન એ રંગહીન, ગંધહીન, સ્વાદહીન, બિન–ઝેરી અને અત્યંત જ્વલનશીલ વાયુ પદાર્થ છે.

- તે આવર્ત કોષ્ટકનું પ્રથમ તત્વ છે અને અન્ય બધા તત્વોથી હલકુ હોય છે.
- તથા હાઈડ્રોજનનો પરમાણુ ક્રમાંક 1 છે.
- હાઈડ્રોજન શબ્દ ગ્રીક ભાષાના બે શબ્દો પાણી (Hydro) અને ઉત્પન્ન થવું (gene) પરથી રચાયેલ છે. એટલે કે પાણી ઉત્પન્ન કરનાર તરીકે ઓળખાય છે.
- હાઈડ્રોજન પરમાણુ વધુ સક્રિય હોવાથી તે સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે.

નોંધ: (1) હાઈડ્રોજનની શોધ હેનરી કેવેન્ડીસે કરી હતી.


(2) હાઈડ્રોજનને 'ભવિષ્યનું બળતણ' પણ કહે છે.

(3) હાઈડ્રોજન બ્રહ્માંડમાં સૌથી વધુ પ્રમાણમાં ઉપલબ્ધ છે પરંતુ શુદ્ધ હાઈડ્રોજનનું પ્રમાણ ઘણુ ઓછું છે. તે ઓક્સિજન સાથે H2O, અને અન્ય સંયોજનમાં લગભગ હમેંશા હાજર હોય છે.

## ગ્રીન હાઈડ્રોજન શું છે ?

ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન વિદ્યુત વિચ્છેદન–વિશ્લેષણ દ્વારા ઊર્જાના નવીનીકરણીય સ્ત્રોતો જેમ કે સૌર, પવન અથવા હાઈડલ પાવરનો ઉપયોગ કરીને કરવામાં આવે છે.

- જ્યારે વિદ્યુત પ્રવાહ પાણીમાંથી પસાર થાય છે, ત્યારે તે વિદ્યુત વિચ્છેદન દ્વારા તેને મૂળ ઓક્સિજન અને હાઈડ્રોજનમાં વિભાજિત કરે છે.




- જો આ પ્રક્રિયા માટે વપરાતી વીજળીનો સ્ત્રોત પવન અથવા સૌર ઊર્જા જેવા પુનઃપ્રાપ્ય સ્ત્રોત હોય તો આ રીતે ઉત્પન્ન થતા હાઈડ્રોજનને 'ગ્રીન હાઈડ્રોજન' કહેવામાં આવે છે.
- હાઈડ્રોજન સાથે સંકળાયેલા રંગો હાઈડ્રોજન પરમાણુ મેળવવા માટે વપરાતા પાવર સ્ત્રોતને દર્શાવે છે.
- ઉદાહરણ તરીકે જો કોલસાનો ઉપયોગ કરવામાં આવે તો તેને બ્રાઉન હાઈડ્રોજન કહેવામાં આવે છે.
- 'ગ્રીન'એ હાઈડ્રોજન મેળવવા માટે કેવી રીતે વીજળી ઉત્પન્ન થાય છે તેના પર આધાર રાખે છે, જે સળગાવવામાં આવે ત્યારે ગ્રીનહાઉસ ગેસનું ઉત્સર્જન કરતું નથી.
- ગ્રીન હાઈડ્રોજન હાલમાં વૈશ્વિક હાઈડ્રોજન ઉત્પાદનમાં 1% કરતા ઓછો હિસ્સો ધરાવે છે કારણ કે તેનું ઉત્પાદન કરવું મોંઘુ છે.

## ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદનની જરૂરિયાત અને ફાયદા

હાઈડ્રોજન એકમ વજન દીઠ તેની ઊંચી ઊર્જા સામગ્રીને કારણે ઊર્જાનો ઉત્તમ સ્ત્રોત છે, તેથી જ તેનો ઉપયોગ રોકેટ ઈંધણ તરીકે થાય છે.

- ખાસ કરીને શૂન્ય ઉત્સર્જન સાથે ગ્રીન હાઈડ્રોજન ઊર્જાનો સૌથી સ્વચ્છ સ્ત્રોત છે.
- તેનો ઉપયોગ કાર માટે અથવા ઊર્જા–સઘન ઉદ્યોગો જેમ કે ખાતર અને સ્ટીલ નિર્માણમાં બળતણ સેલ તરીકે થઈ શકે છે.
- ગ્રીન હાઈડ્રોજન ઉત્પન્ન કરવાની પદ્ધતિ કોઈપણ ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન કરતી નથી.
- એક હાઈડ્રોજન ઈંધણ કોષ ગેસ દ્વારા બળતણ કરાયેલ આંતરિક કમ્બશન એન્જિન કરતા બેથી ત્રણ ગણો વધુ કાર્યક્ષમ છે.
- વિશ્વભરના દેશો ગ્રીન હાઈડ્રોજન ક્ષમતાના નિર્માણ પર કામ કરી રહ્યા છે કારણ કે તે ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરી શકે છે અને કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં પણ મદદ કરી શકે છે.
- ગ્રીન હાઈડ્રોજન વૈશ્વિક ચર્ચાનો વિષય બની ગયો છે, ખાસ કરીને જ્યારે વિશ્વ તેની સૌથી મોટી ઊર્જા સંકટનો સામનો કરી રહ્યું છે અને આબોહવા પરિવર્તનનો ખતરો વાસ્તવિકતામાં ફેરવાઈ રહ્યો છે.

JOIN WhatsApp Group/joinicerajkot.com CLICK HERE icerajkot

## ઓડિશામાં બિરસા મુંડા હોકી સ્ટેડિયમનું ઉદ્‌ઘાટન



તાજેતરમાં ઓડિશાના મુખ્યમંત્રી શ્રી નવીન પટનાયકે ઓડિશાના રાઉરકેલામાં વિશ્વના સૌથી મોટા સમર્પિત હોકી સ્ટેડિયમનું ઉદ્‌ઘાટન કર્યુ છે.

- બિરસા મુંડા હોકી સ્ટેડિયમ (BMHS) 260 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે રેકોર્ડ 15 મહિનામાં બનાવવામાં આવ્યું છે.
- આ સ્ટેડિયમ 20000 થી 21000 જેટલા દર્શકોને બેસવાની ક્ષમતા ધરાવે છે.
- તે વિશ્વનું સૌથી મોટું ઓલ–સીટર ફીલ્ડ હોકી સ્ટેડિયમ છે.
- આ સ્ટેડિયમ મેન્સ FIH હોકી વર્લ્ડ કપની 44માંથી 20 મેચોનું આયોજન કરશે. બાકીની મેચ ભૂવનેશ્વરના કલિંગા સ્ટેડિયમમાં યોજાશે.
- બિરસા મુંડા હોકી સ્ટેડિયમ (BMHS) વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓથી સજ્જ છે.
- તેમાં પ્રેક્ટિસ પીચ, ફિટનેસ સેન્ટર, હાઈડ્રોથેરાપી પૂલ, ડ્રેસિંગ અને ચેન્જિંગ રૂમ તથા 400 ખેલાડીઓને સમાવવાની ક્ષમતા સાથે 225 રૂમનું રહેણાંક સંકૂલનો સમાવેશ થાય છે.

નોંધ : (1) 2023 મેન્સ FIH હોકી વર્લ્ડ કપ 13-29 જાન્યુઆરી, 2023 દરમિયાન ભારતના ઓડિશામાં ભૂવનેશ્વરના કલિંગા સ્ટેડિયમમાં અને રાઉરકેલામાં બિરસા મુંડા ઈન્ટરનેશનલ હોકી સ્ટેડિયમ ખાતે યોજાશે.

(2) ઓડિશા સરકાર અને તેના મુખ્યમંત્રી શ્રી નવીન પટનાયકના નેતૃત્વ હેઠળ તાજેતરના વર્ષોમાં રાજ્યમાં હોકીને પ્રોત્સાહન આપવા માટે સક્રિયપણે પ્રોત્સાહન અને ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે.

(3) વર્ષ 2018માં જ્યારે ભારતીય રાષ્ટ્રીય પુરૂષ અને મહિલા હોકી ટીમો પ્રાયોજકો શોધવા માટે સંઘર્ષ કરી રહી હતી ત્યારે શ્રી નવીન પટનાયક સમર્થન આપવા માટે આગળ આવ્યા હતા.

(4) FIHનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ હોકી ફેડરેશન' છે, જે સામાન્ય રીતે FIHના ટૂંકાક્ષર દ્વારા ઓળખાય છે.

(5) FIHનું મુખ્ય મથક સ્વિત્ઝર્લેન્ડના લૌસેન અથવા લૌઝેન (Lausanne) ખાતે સ્થિત છે.

## RBIએ 2023-2025ના સમયગાળા માટે 'ઉત્કર્ષ 2.0' લોન્ચ કર્યુ

તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ 'ઉત્કર્ષ 2.0' લોન્ચ કર્યુ છે.

- જે નિયમનકારી અને સુપરવાઈઝરી મશીનરીને મજબૂત કરવા માટે તેની મધ્યમગાળાની વ્યૂહરચનાનો બીજો તબક્કો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઉત્કર્ષ શું છે ?

ઉત્કર્ષ એ કેન્દ્રીય બેંકના અન્ય કાર્યોમાં નિયમન અને દેખરેખને સુધારવા માટે ભારતીય રિઝર્વ બેંક **(RBI)**નો ત્રણ વર્ષનો રોડમેપ છે.

- **2019-2022**ના સમયગાળાને આવરી લેતું પ્રથમ વ્યૂહરચના ફ્રેમવર્ક (ઉત્કર્ષ **2022**) વર્ષ **2019**માં શરૂ કરવામાં આવ્યું હતું.

## ઉત્કર્ષ 2.0

ઉત્કર્ષ **2.0** **2023** થી **2025**ના સમયગાળા દરમિયાન **RBI**ને માર્ગદર્શન આપશે અને તેમાં છ વિઝન સ્ટેટમેન્ટ્સ છે.

## 6 વિઝન સ્ટેટમેન્ટ

**(1) વૈધાનિક અને અન્ય કાર્યોની કામગીરીમાં શ્રેષ્ઠતા :**

- આ વિઝન સ્ટેટમેન્ટનો ઉદ્દેશ્ય ભારતીય લોકોની અર્થતંત્રની જરૂરિયાતોને વધુ સારી રીતે પૂરી કરવા માટે **RBI**ના વૈધાનિક અને અન્ય કાર્યોના પ્રદર્શનમાં સુધારો કરવાનો છે.

**(2) RBIમાં નાગરિકો અને સંસ્થાઓનો મજબૂત વિશ્વાસ :**

- આ વિઝન સ્ટેટમેન્ટ **RBI**માં નાગરિકો અને સંસ્થાઓનો વિશ્વાસ વધારવા માંગે છે, કારણ કે **RBI** તેના આદેશને અસરકારક રીતે પરિપૂર્ણ કરવા માટે આ જરૂરી છે.

**(3) રાષ્ટ્રીય અને વૈશ્વિક ભૂમિકાઓમાં સુસંગતતા અને મહત્વમાં વધારો :**

- આ વિઝન સ્ટેટમેન્ટનો હેતુ રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે **RBI**ની સુસંગતતા અને મહત્વને સુધારવાનો છે, કારણ કે તેનાથી **RBI** ભારતીય અર્થતંત્રની સ્થિરતા અને વૃદ્ધિમાં સારું યોગદાન આપી શકશે.

**(4) પારદર્શક, જવાબદાર અને નૈતિક રીતે સંચાલિત આંતરિક શાસન :**

- આ વિઝન સ્ટેટમેન્ટ **RBI**ના આંતરિક વહીવટને વધુ પારદર્શક, જવાબદાર અને મજબૂત નૈતિક સહિંતા દ્વારા માર્ગદર્શિત કરીને તેને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

**(5) પર્યાવરણને અનુકૂળ ડિજિટલ અને ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર :**

- આ વિઝન સ્ટેટમેન્ટ **RBI**ના ડિજિટલ અને ભૌતિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પર્યાવરણને અનુકૂળ બનાવીને તેને સુધારવા માંગે છે.

**(6) નવીન, ગતિશીલ અને કુશળ માનવ સંસાધન :**

- આ વિઝન સ્ટેટમેન્ટનો ઉદ્દેશ્ય **RBI**ના માનવ સંસાધનોની ગુણવત્તા અને ક્ષમતાઓને વધુ નવીન, ગતિશીલ અને કાર્યક્ષમ બનાવીને સુધારવાનો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## RBI

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ભારતની સેન્ટ્રલ બેંક છે. તે ભારતની બધી બેંકોનું સંચાલન કરે છે.

- રિઝર્વ બેંક ભારતીય રૂપિયાના ઈશ્યૂ અને પૂરવઠાને નિયંત્રિત કરે છે.
- RBIની સ્થાપના 1 એપ્રિલ, 1935ના રોજ થઈ હતી.
- રિઝર્વ બેંકની સ્થાપના 'રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ 1934' અંતર્ગત કરવામાં આવી હતી.
- ડો. બાબાસાહેબ આંબેડકરનું RBIની સ્થાપનામાં મહત્ત્વનું યોગદાન છે.
- ડો. બાબાસાહેબ આંબેડકરે આપેલા માર્ગદર્શન તથા નિર્દેશક સિદ્ધાંતોને આધારે RBIની સ્થાપના થઈ હતી.
- આઝાદી બાદ 1 જાન્યુઆરી, 1949ના રોજ RBI રાષ્ટ્રીયકૃત થઈ હતી.
- RBIનું વડું મથક અગાઉ કોલકાતામાં હતું. પરંતુ 1937થી તે મુંબઈમાં આવી ગયું છે.
- RBIનું સંચાલન કેન્દ્રીય સંચાલન બોર્ડ દ્વારા થાય છે.
- RBIના વર્તમાન ગવર્નર શ્રી શક્તિકાંત દાસ છે. (જાન્યુઆરી 2023ની સ્થિતિએ)



**1.** સમગ્ર વિશ્વમાં દર વર્ષે 'વિશ્વ ટાઈપિંગ દિવસ' કયા દિવસે ઉજવવામાં આવે છે ?

(A) 7 જાન્યુઆરી (B) 8 જાન્યુઆરી (C) 9 જાન્યુઆરી (D) 10 જાન્યુઆરી **(B)**

**2.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટે 'નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન' (National Green Hydrogen Mission)ને મંજૂરી આપી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ મિશનનો ઉદ્દેશ્ય ગ્રીન હાઈડ્રોજન અને તેના ડેરિવેટિવ્ઝના ઉત્પાદન, ઉપયોગ અને નિકાસ માટે ભારતને વૈશ્વિક હબ બનાવવાનો છે.
2. આ મિશન 2030 સુધીમાં ભારતમાં લગભગ 125 ગીગાવોટની નવીનીકરણીય ઊર્જા ક્ષમતા ઉમેરવાની સાથે વાર્ષિક ઓછામાં ઓછા 5 MMTની ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન ક્ષમતા વિકસાવશે.
3. તે કુલ રોકાણમાંથી રૂ.8 લાખ કરોડથી વધુ રોકાણ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે અને તેનાથી છ લાખ નોકરીઓ ઉત્પન્ન થવાની અપેક્ષા છે.
4. તેનું નોડલ મંત્રાલય નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 1 અને 4 (D) 1, 2, 3 અને 4 **(D)**

**3.** તાજેતરમાં કયા રાજ્યમાં 'બિરસા મુંડા હોકી સ્ટેડિયમ'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ?

(A) કર્ણાટક (B) ઓડિશા (C) હરિયાણા (D) કેરળ **(B)**

**4.** તાજેતરમાં RBIએ 'ઉત્કર્ષ 2.0' લોન્ચ કર્યુ છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે RBIની નિયમનકારી અને સુપરવાઈઝરી મશીનરીને મજબૂત કરવા માટે તેની મધ્યમગાળાની વ્યૂહરચનાનો બીજો તબક્કો છે.
2. ઉત્કર્ષ 2.0 2023થી 2025ના સમયગાળા દરમિયાન RBIને માર્ગદર્શન આપશે.
3. તેમાં છ વિઝન સ્ટેટમેન્ટ્સ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.


(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# 09 JANUARY, 2023 MONDAY

## દિવસ મહિમા : 09 જાન્યુઆરી, પ્રવાસી ભારતીય દિવસ

9 જાન્યુઆરી, 1915ના રોજ શ્રી મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા હતા.




- આથી, તેમની યાદમાં ભારત સરકાર દ્વારા દર વર્ષે 9 જાન્યુઆરીના રોજ 'પ્રવાસી ભારતીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ ઉજવણીનો પ્રારંભ વર્ષ 2003થી થયો હતો.
- આ દિવસ દ્વારા વિદેશમાં વસતા ભારતીયોને તેમના મૂળ સાથે જોડવાનો પ્રયાસ કરે છે.
- શ્રી મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી ભારત પરત આવીને સ્વાતંત્ર્ય સંગ્રામનું સફળ નેતૃત્વ કરીને કરોડો ભારતીયોનું હંમેશને માટે જીવન પરિવર્તન કરી નાખ્યું હતું. આથી, શ્રી મહાત્મા ગાંધીજીને 'સૌથી મહાન પ્રવાસી' માનવામાં આવે છે.

### શ્રી લક્ષ્મીમલ સિંઘવી સમિતિ

ભારતમાં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી શ્રી લક્ષ્મીમલ સિંઘવી સમિતિની ભલામણ અનુસાર કરવામાં આવે છે.

- શ્રી લક્ષ્મીમલ સિંઘવી સમિતિની ભલામણના આધારે 8 જાન્યુઆરી, 2002ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતેથી શ્રી અટલ બિહારી વાજપેઈએ 9 જાન્યુઆરીના રોજ પ્રવાસી ભારતીય દિવસ ઉજવવાની જાહેરાત કરી હતી.
- આ અંતર્ગત ભારતમાં વર્ષ 2003થી દર વર્ષે 9 જાન્યુઆરીના રોજ આ દિવસ ઉજવાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### 17મું પ્રવાસી ભારતીય દિવસ સંમેલન

17માં પ્રવાસી ભારતીય દિવસ સંમેલન 2023નું આયોજન મધ્યપ્રદેશના ઈન્દોરમાં થયું હતું.




- આ અતંર્ગત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈન્દોરમાં આ ત્રણ દિવસીય '17માં પ્રવાસી ભારતીય દિવસ સંમેલન' અને 'વિદેશી ભારતીયોના સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન' પરના એક ડિજિટલ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.
- આ ઉપરાંત તેમણે આ પ્રસંગે 'સુરક્ષિત જાયેં, પ્રશિક્ષિત જાયેં' નામની સ્મારક ટિકીટ પણ બહાર પાડી હતી.
- વિદેશમાં રહેતા અનેક ભારતીય વ્યક્તિઓનું ભારતના વિકાસમાં અમૂલ્ય યોગદાન છે.
- ભારતના વિકાસમાં યોગદાન આપનાર આ વિદેશી ભારતીયો પ્રત્યે 'પ્રવાસી ભારતીય દિવસ'ના રોજ સન્માન વ્યક્ત કરવામાં આવે છે.

- પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી દ્વારા વિદેશમાં વસતા ભારતીયોને તેમના મૂળ દેશ ભારત સાથે જોડાવાનો પ્રયત્ન કરવામાં આવે છે.
- આ માટે વર્ષ 2003 થી વર્ષ 2015 સુધી દર વર્ષે 'પ્રવાસી ભારતીય દિવસ સંમેલન'નું આયોજન કરવામાં આવતું હતું.
- વર્ષ 2015 બાદ આ સંમેલન દર બે વર્ષે યોજાય છે.
- આ વર્ષની થીમ '**Diaspora : Reliable Partners For India's Progress in Amrit Kaal**' છે.
- જેનો ગુજરાતીમાં અર્થ 'પ્રવાસી : અમૃત કાલમાં ભારતની પ્રગતી માટે વિશ્વસનીય ભાગીદારી' છે.
- આ સંમેલનના મુખ્ય અતિથિ (Chief Guest) ગુયાના (અથવા ગયાના)ના રાષ્ટ્રપતિ ડો. મોહમ્મદ ઈરફાન અલી હતા.
- જ્યારે વિશેષ અતિથિ (Special Guest) સુરીનામના રાષ્ટ્રપતિ શ્રી ચંદ્રિકા પ્રસાદ સંતોખી હતા.
- આ દિવસે સરકાર પ્રવાસી ભારતીય સન્માન પુરસ્કાર પણ એનાયત કરે છે.


**નોંધ :** (1) પ્રવાસી ભારતીય દિવસને 'બિન–નિવાસી ભારતીય દિવસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

(2) લગભગ 70 વિવિધ દેશોમાંથી 3,500થી વધુ પ્રવાસી સભ્યોએ પ્રવાસી ભારતીય દિવસ 2023 માટે નોંધણી કરાવી હતી.

(3) સુરીનામ દક્ષિણ અમેરિકાનો એક દેશ છે. તેનું પાટનગર પેરામારિબો છે.

(4) ગુયાના દક્ષિણ અમેરિકાનો એક દેશ છે. તેનું પાટનગર જ્યોર્જટાઉન છે.

(5) પ્રવાસી ભારતીય દિવસ સંમેલન એ વિદેશ મંત્રાલયનો મુખ્ય કાર્યક્રમ છે.



## જોશીમઠ લેન્ડસ્લાઈડ-સબસિડન્સ ઝોન જાહેર

તાજેતરમાં ઉત્તરાખંડના જોશીમઠમાં જમીન ઘસી પડવાના કારણે અસંખ્ય મકાનો અને હોટલોમાં તિરાડો પડી હતી.



- આ ઉપરાંત લગભગ 66થી પરિવારોનું સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું.
- જોશિમઠ બાબતે PMO દ્વારા 8 જાન્યુઆરીના રોજ ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવવામાં આવી હતી. અને સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી.
- ત્યારબાદ સરકારે ગંભીરતાને ધ્યાનમાં લઈ અને આ વિસ્તારને 'ભૂસ્ખલન ઘસાઉ ક્ષેત્ર' અથવા 'લેન્ડસ્લાઈડ – સબસિડન્સ ઝોન' (Landslide Subsidence Zone) જાહેર કર્યુ છે.

### લેન્ડસ્લાઈડ-સબસિડન્સ શું છે ?

સબસિડન્સ અથવા જમીનમાં ઘટાડો એ પૃથ્વીની સપાટીનું ધીમે ધીમે ડુબવું અથવા અચાનક ડુબવા તરીકે વ્યાખ્યાયિત થયેલ છે.

- સરળ ભાષામાં કહીએ તો 'જમીનના વિસ્તારનું ધીમે ધીમે પતન અથવા ઘટાડો'.
- સબસિડન્સ–પમ્પિંગ, ફ્રેકિંગ અથવા ખાણકામ પ્રવૃત્તિઓ દ્વારા જમીનમાંથી પાણી, તેલ, કુદરતી ગેસ અથવા ખનીજ સંસાધનોના નિષ્કર્ષના કારણે ભૂગર્ભ સામગ્રીની હિલચાલને કારણે જમીનનો ઘટાડો થાય છે.
- કુદરતી ઘટનાઓ જેમ કે ધરતીકંપ, જમીનનું સંકોચન, હિમનદી સમસ્થાનિક ગોઠવણો, ધોવાણ, સિંકહોલ અથવા વિલિયન વેન્ટ્સનું નિર્માણ અને પવનથી જમા થયેલી જમીનમાં પાણીનો ઉમેરો (લોસ તરીકે ઓળખાતી કુદરતી પ્રક્રિયા) જેવી કુદરતી ઘટનાઓને કારણે પણ ઘટાડો થઈ શકે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ભૂસ્ખલન

ભૂસ્ખલનને વ્યાપક રીતે પૃથ્વીના ઢોળાવ નીચે માટી, ખડકો અને કાટમાળની હિલચાલ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

- ભૂસ્ખલન એ સામૂહિક ધોવાણનો એક પ્રકાર છે, જે ગુરુત્વાકર્ષણના સીધા પ્રભાવ હેઠળ જમીન અને ખડકોની નીચે તરફની હિલચાલને દર્શાવે છે.

### જોશીમઠમાં જમીન ઘસી પડવાના સંભવિત કારણો શું છે ?

- દિવાલો અને ઈમારતોમાં તિરોડોની ઘટનાઓ પ્રથમ વર્ષ 2021માં નોંધવામાં આવી હતી, જ્યારે ઉત્તરાખંડના ચામોલી જિલ્લામાં ભૂસ્ખલન અને પૂરની ઘટનાઓ સતત જોવા મળી રહી હતી.

- અહેવાલો અનુસાર ઉત્તરાખંડ સરકારની નિષ્ણાત પેનલે વર્ષ 2022માં શોધી કાઢ્યું હતું કે જોશીમઠના ઘણા ભાગોમાં માનવસર્જિત અને કુદરતી પરિબળોને કારણે આ સમસ્યા ઊભી થઈ રહી છે.
- નિષ્ણાતોએ એ પણ સૂચવ્યું કે બિનઆયોજિત બાંધકામ પ્રવૃત્તિઓ, પ્રદેશમાં વધુ પડતી વસતી અને પાણીના કુદરતી પ્રવાહ અને હાઈડલ પાવર પ્રવૃત્તિઓના અવરોધને કારણે થયું હોઈ શકે છે.
- જોશીમઠ એક સિસ્મિક ઝોન પણ છે, જે તેને વારંવાર ધરતીકંપની સંભાવના બનાવે છે.
- 1976ના મિશ્રા સમિતિના અહેવાલ મુજબ જોશીમઠ મુખ્ય ખડક પર નહીં પરંતુ રેતી અને પથ્થરના થાપણ પર આવેલું છે, તે એક પ્રાચીન ભૂસ્ખલન વિસ્તાર પર સ્થિત છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે અલકનંદા અને ધૌલીગંગા(ધોળીગંગા) નદીના પ્રવાહો દ્વારા ધોવાણ પણ ભૂસ્ખલન પરિબળો હેઠળ આવે છે.
- સમિતિએ ભારે બાંધકામ, બ્લાસ્ટિંગ અથવા રોડ રિપેર અને અન્ય બાંધકામો માટે પથ્થરો હટાવવા અને વૃક્ષો કાપવા પર પ્રતિબંધ મૂકવાની ભલામણ કરી હતી.
- આ વિસ્તારમાં છૂટા છવાયા ખડકો જૂના ભૂસ્ખલન કાટમાળથી ઢંકાયેલા છે. જેમાં બોલ્ડર્સ, જીનસ ખડકો અને છૂટક માટીનો સમાવેશ થાય છે, જેની વહન ક્ષમતા ઓછી છે.
- બાંધકામના કામમાં વધારો, હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ્સ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ પહોળા કરવાના કારણે છેલ્લા કેટલાક દાયકાઓમાં ઢોળાવ અત્યંત અસ્થિર બન્યો છે.
- વિષ્ણુપ્રયાગમાંથી વહેતી નદીઓ અને કુદરતી પ્રવાહો સાથે ખડક ખસવો એ શહેરમાં ભૂસ્ખલનના અન્ય કારણો છે.

**નોંધ :** ઘણા રહેવાસીઓ અને ભૂસ્તરશાસ્ત્રીઓએ આ ઘટના માટે રાજ્યની માલિકીની NTPCના તપોવન વિષ્ણુગઢ હાઈડ્રોપાવર પ્રોજેક્ટને પણ જવાબદાર ઠરાવ્યો છે.

## જોશીમઠ



- જોશીમઠ એ ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ઋષિકેશ–બદ્રીનાથ રાષ્ટ્રીય ધોરીમાર્ગ (NH-7) પર સ્થિત એક પહાડી શહેર છે.
- રાજ્યના અન્ય મહત્વપૂર્ણ ધાર્મિક અને પર્યટન સ્થળો ઉપરાંત આ શહેર બદ્રીનાથ, ઔલી, વેલીઓફ ફ્લાવર્સ અને હેમકુંડ સાહિબની યાત્રા કરતા પ્રવાસીઓ માટે નાઈટ હોલ્ટ તરીકે પણ જાણીતું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જોશીમઠ એ સૌથી મહત્વપૂર્ણ સૈન્ય છાવણીઓમાંની એક છે, તે ભારતીય સશસ્ત્ર દળો માટે અત્યંત વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે.
- વિષ્ણુ પ્રયાગ, ધૌલીગંગા અને અલકનંદા નદીઓના સંગમથી શહેરમાંથી (ઉચ્ચ જોખમ ધરાવતું સિસ્મિક ઝોન V) પ્રવાહ એક ઉચ્ચ ઢાળ સાથે વહે છે.
- તે આદિ શંકરાચાર્ય દ્વારા સ્થાપિત ચાર મઠમાંનું એક છે. અન્ય ઉત્તરાખંડમાં બદ્રીનાથ, ઓડિશામાં પુરી અને કર્ણાટકમાં શૃંગેરી ખાતેના જોશીમઠ છે.
- નોંધનીય છે કે જોશીમઠને પર્યટન સ્થળ બદ્રીનાથ અને હેમ કુંડ સાહિબનું 'ગેટવે' તરીકે પણ ઓળખવામાં આવે છે.

## આકાંક્ષી બ્લોક કાર્યક્રમ (Aspirational Blocks Programme - ABP)

5 થી 7 જાન્યુઆરી 2022 દરમિયાન યોજનારી મુખ્ય સચિવોની બીજી રાષ્ટ્રીય પરિષદ દરમિયાન 'આકાંક્ષી બ્લોક કાર્યક્રમ' શરૂ કરવામાં આવ્યો હતો.

### આકાંક્ષી બ્લોક કાર્યક્રમ (ABP)

તે એક વિકાસ પહેલ છે જેનો ઉદ્દેશ્ય વિવિધ વિકાસ માપદંડોમાં પાછળ રહેલા વિસ્તારોની કામગીરીમાં સુધારો કરવાનો છે.

- કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સિતારામન દ્વારા કેન્દ્રીય બજેટ 2022-2023માં તેની જાહેરાત કરવામાં આવી હતી.
- તે શરૂઆતમાં 31 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 500 જિલ્લાઓને આવરી લેશે.
- જેમાંથી અડધાથી વધુ બ્લોક છ રાજ્યો ઉત્તરપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં સ્થિત છે.
- એસ્પિરેશનલ બ્લોક પ્રોગ્રામ (ABP) એસ્પિરેશનલ ડિસ્ટ્રિક પ્રોગ્રામ (ADP) પર આધારિત છે.
- એસ્પિરેશનલ બ્લોક્સ પ્રોગ્રામ (ABP) માટે ઓળખવામાં આવેલા 500 બ્લોકની પસંદગી ગયા વર્ષે સરકાર દ્વારા રચવામાં આવેલી ચાર સભ્યોની સમિતિની ભલામણોના આધારે કરવામાં આવી હતી.
- આ બ્લોક્સની પસંદગી અન્ય જિલ્લાઓની સરખામણીમાં વિકાસમાં સતત પાછળ રહેવાને કારણે કરવામાં આવી હતી.

**નોંધ :** આ કાર્યક્રમ હેઠળ આરોગ્ય, શિક્ષણ અને પોષણ જેવા ક્ષેત્રોમાં તેમના પ્રદર્શનના આધારે ત્રિમાસિક રેન્કિંગ માટે રાજ્યભરના જે 500 બ્લોકની ઓળખ કરવામાં આવી છે તેનું પ્રથમ રેન્કિંગ એપ્રિલ 2022માં બહાર પાડવામાં આવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# આકાંક્ષી જિલ્લા કાર્યક્રમ (ADP)

આકાંક્ષી જિલ્લા કાર્યક્રમ (ADP) વર્ષ 2018માં એવા જિલ્લાઓની સ્થિતિ સુધારવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવ્યો હતો. જેણે મુખ્ય સામાજિક ક્ષેત્રમાં પ્રમાણમાં ઓછી પ્રગતિ દર્શાવી છે.

- મહત્વાકાંક્ષી જિલ્લાઓ ભારતના તે જિલ્લાઓ છે જે નબળા સામાજિક–આર્થિક સૂચકાંકોથી પ્રભાવિત છે.
- તેમાં દેશભરના 112 જિલ્લાઓનો સમાવેશ થાય છે.
- ભારત સરકારના સ્તર પર આ કાર્યક્રમનું સંચાલન નીતિ આયોગ દ્વારા કરવામાં આવે છે. આ સિવાય જૂદા જૂદા મંત્રાલયોએ જિલ્લાઓની પ્રગતિની જવાબદારી લીધી છે.
- તેના ઉદ્દેશ્ય નીચે મુજબ છે :

(a) તે દરેક જિલ્લાની સંભવિતતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને તાત્કાલિક સુધારણા માટે અસરના પરિબળોને ઓળખે છે અને માસિક ધોરણે જિલ્લાઓને રેન્કિંગ કરીને પ્રગતિને માપે છે.

(b) જિલ્લાઓને તેમના રાજ્યમાં શ્રેષ્ઠ જિલ્લાના દરજ્જા સુધી પહોંચવા અને ત્યારબાદ સ્પર્ધાત્મક અને સહકારી સંઘવાદની ભાવનામાં અન્ય લોકો પાસેથી સ્પર્ધા કરીને અને શીખીને દેશના શ્રેષ્ઠ જિલ્લાઓમાંના એક બનવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

(c) 'સબકા સાથ, સબકા વિકાસ અને સબકા વિશ્વાસ'ના વિઝન સાથે સરકાર તેના નાગરિકોના જીવનની ગુણવત્તા સુધારવા અને બધા માટે સમાવેશી વિકાસ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

(d) ADPનો હેતુ રાષ્ટ્રની પ્રગતિ માટે ટકાઉ વિકાસ લક્ષ્યોને સ્થાનિક બનાવવાનો છે.

- 5 સામાજિક–આર્થિક થીમ પર આધારિત 49 મુખ્ય પ્રદર્શન સૂચકાંકોમાં કરવામાં આવેલા વધારાના સુધારાના આધારે રેન્કિંગ નક્કી કરવામાં આવે છે.
- પાંચ મુખ્ય માપદંડો નીચે મુજબ છે :

(1) આરોગ્ય અને પોષણ (30%)

(2) શિક્ષણ (30%)

(3) કૃષિ અને જળ સંસાધનો (20%)

(4) નાણાકીય સમાવેશ અને કૌશલ્ય વિકાસ (10%)

(5) ઈન્ફ્રાસ્ટ્રક્ચર (10%)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ભારતમાં કયો દિવસ 'પ્રવાસી ભારતીય દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) 7 જાન્યુઆરી (B) 8 જાન્યુઆરી (C) 9 જાન્યુઆરી (D) 10 જાન્યુઆરી **(C)**

2. શ્રી મહાત્મા ગાંધીજી આફ્રિકાથી ક્યારે ભારત પરત ફર્યા હતા કે જેની યાદમાં ભારતમાં દર વર્ષે 'પ્રવાસી ભારતીય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 9 જાન્યુઆરી, 1914 (B) 9 જાન્યુઆરી, 1915

(C) 9 જાન્યુઆરી, 1917 (D) 10 જાન્યુઆરી, 1915 **(B)**

3. ભારતમાં પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કઈ સમિતિની ભલામણ અનુસાર કરવામાં આવે છે ?

(A) લક્ષ્મીમલ સિંઘવી સમિતિ (B) રાજીવકુમાર સમિતિ

(C) શિવરામન સમિતિ (D) કે. સંથાનમ સમિતિ **(A)**

4. તાજેતરમાં 17માં 'પ્રવાસી ભારતીય દિવસ સંમેલન'નું આયોજન કયાં થયું હતું ?

(A) વારાણસી, ઉત્તરપ્રદેશ (B) ઈન્દોર, મધ્યપ્રદેશ (C) અમૃતસર, પંજાબ (D) જયપુર, રાજસ્થાન **(B)**

5. તાજેતરમાં મધ્યપ્રદેશના ઈન્દોરમાં 17માં પ્રવાસી ભારતીય દિવસ સંમેલનનું આયોજન થયું હતું. જેના મુખ્ય અતિથિ (ચીફ ગેસ્ટ) કોણ હતું ?

(A) શ્રી ડોરોન્ડો ક્યુબે (B) શ્રી એન્ટિનિયો ગુટેરશ

(C) શ્રી પ્રવિંદકુમાર જગુનાથ (D) ડો. મોહમ્મદ ઈરફાન અલી **(D)**

6. તાજેતરમાં 'જોશીમઠ'ને લેન્ડસ્લાઈડ–સબસિડન્સ ઝોન જાહેર કરવામાં આવ્યો હતો. તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) અરૂણાચલ પ્રદેશ (B) મેઘાલય (C) ઉત્તરાખંડ (D) સિક્કિમ **(C)**

7. તાજેતરમાં 'આકાંક્ષી બ્લોક કાર્યક્રમ' (Aspirational Blocks Programm-ABP) શરૂ કરવામાં આવ્યો છે. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) તે એક વિકાસ પહેલ છે જેનો ઉદ્દેશ્ય વિવિધ વિકાસ માપદંડોમાં પાછળ રહેલા વિસ્તારોની કામગીરીમાં સુધારો કરવાનો છે.

(B) તે શરૂઆતમાં 31 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 500 જિલ્લાઓને આવરી લેશે.

(C) એસ્પિરેશનલ બ્લોક પ્રોગ્રામ (ABP) એસ્પિરેશનલ ડિસ્ટ્રિક પ્રોગ્રામ (ADP) પર આધારિત છે.

(D) ઉપરોક્ત તમામ સાચા છે. **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 10 જાન્યુઆરી, વિશ્વ હિન્દી દિવસ

### વિશ્વ હિન્દી દિવસ

10 જાન્યુઆરીના રોજ 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં હિન્દી ભાષા અંગે જાગૃતિ લાવવાનો તથા એક આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે હિન્દી ભાષાને પ્રસ્તુત કરવાનો છે.

### 10 જાન્યુઆરીના રોજ શા માટે 'વિશ્વ હિન્દી દિવસ' ઉજવાય છે ?

10 જાન્યુઆરી, 1975ના રોજ ભારતમાં નાગપુર ખાતે પ્રથમ વિશ્વ હિન્દી સંમેલનનું આયોજન થયું હતું.

- આથી, આ પ્રથમ વિશ્વ હિન્દી સંમેલનની યાદમાં ભારત સરકાર દ્વારા વર્ષ 2006 થી 10 જાન્યુઆરીને 'વિશ્વ હિન્દી દિવસ' તરીકે ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.

### 'હિન્દી દિવસ' અને 'વિશ્વ હિન્દી દિવસ' વચ્ચે શું ફરક છે ?




ભારતમાં દર વર્ષે 14 સપ્ટેમ્બરના રોજ 'હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- જ્યારે 10 જાન્યુઆરીના રોજ વિશ્વભરમાં 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- 14 સપ્ટેમ્બર, 1949ના રોજ બંધારણ સભાએ સર્વાનુમતે એ નિર્ણય કર્યો હતો કે, હિન્દી જ ભારતની રાજભાષા હશે.
- આથી, આ દિવસની યાદમાં 14 સપ્ટેમ્બરના રોજ ભારતમાં 'હિન્દી દિવસ' ઉજવાય છે.
- 'હિન્દી દિવસ' અને 'વિશ્વ હિન્દી દિવસ'માં મુખ્ય તફાવત એ છે કે 'હિન્દી દિવસ'ની ઉજવણી ભારતમાં રાષ્ટ્રીય સ્તરે થાય છે. જ્યારે 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી આંતરરાષ્ટ્રીય સ્તરે હિન્દી ભાષા અંગે જાગૃતિ લાવવા માટે થાય છે.

**નોંધ :** (1) રાષ્ટ્રીય ભાષા પ્રચાર સમિતિ, વર્ધાની વિનંતીથી વર્ષ 1953થી સમગ્ર ભારતમાં 14 સપ્ટેમ્બર 'હિન્દી દિવસ' તરીકે ઉજવાય છે.

(2) વર્ષ 1918માં યોજાયેલા હિન્દી સાહિત્ય સંમેલનમાં મહાત્મા ગાંધીજીએ હિન્દી ભાષાને ભારતની 'રાષ્ટ્રભાષા' બનાવવાનું જણાવ્યું હતું. તેમણે હિન્દીને 'જનમાનસ'ની ભાષા ગણાવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) ભારતીય બંધારણના ભાગ 17ના અનુચ્છેદ 341(1) અનુસાર સંઘની રાજભાષા 'હિન્દી' અને લિપી 'દેવનાગરી' હશે.

(4) જોકે ભારતમાં 'હિન્દી' ભાષાને રાજભાષાનો દરજ્જો અપાતા બિન–હિન્દી ભાષી રાજ્યના લોકોએ તેનો વિરોધ કર્યો હતો. આથી ભારતમાં અંગ્રેજીને પણ 'રાજભાષા'નો દરજ્જો આપવામાં આવ્યો છે.

## કરૂણા અભિયાન 2023

ઉત્તરાયણના પર્વ દરમિયાન ગુજરાતમાં પતંગના દોરાથી ઘાયલ થયેલા નિર્દોશ પક્ષીઓની સારવાર માટે ગુજરાત સરકાર દ્વારા 'કરૂણા અભિયાન 2023'નું આયોજન કર્યુ હતું.




- આ અતંર્ગત 10 થી 20 જાન્યુઆરી 2023 દરમિયાન સમગ્ર રાજ્યમાં આ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.
- આ અભિયાનમાં 8000 જેટલા સ્વયંસેવકો જોડાયા હતા.
- રાજ્યભરમાં જરૂરિયાત મુજબ 865 થી વધુ પક્ષી નિદાન કેન્દ્રો બનાવ્યા હતા. તથા વોટ્સઅપ નંબર 8320002000 પર પણ સેવા ઉપલબ્ધ કરાઈ હતી.
- કરૂણા અભિયાન અથવા કરૂણા એનિમલ એમ્બ્યુલન્સનો હેલ્પલાઈન નંબર 1962 છે.

## સુશ્રી સાનિયા મિર્ઝા પ્રોફેશનલ ટેનિસમાંથી નિવૃત્તિ લેશે

ભારતના ભૂતપૂર્વ ડબલ્સ વર્લ્ડ નંબર 1 ચેમ્પિયન સુશ્રી સાનિયા મિર્ઝાએ જાહેરાત કરી હતી કે તે દુબઈમાં WTA 1000 ઈવેન્ટમાં વ્યાવસાયિક ટેનિસમાંથી નિવૃત્તિ લેશે.

### સુશ્રી સાનિયા મિર્ઝા

સુશ્રી સાનિયા મિર્ઝાનો જન્મ 15 નવેમ્બર, 1986ના રોજ મુંબઈ ખાતે થયો હતો.



- તેમના જન્મબાદ તેમનો પરિવાર હૈદરાબાદ સ્થાયી થયો હતો.
- સુશ્રી સાનિયા મિર્ઝાએ માત્ર છ વર્ષની ઉંમરે ટેનિસ રમવાનું શરૂ કર્યુ હતું. અને વર્ષ 2003માં તેઓ પ્રોફેશનલ ટેનિસ પ્લેયર બન્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- શરૂઆતમાં તેમને તેમના પિતા ઈમરાન મિર્ઝા અને રોજર એન્ડરસન દ્વારા કોચિંગ આપવામાં આવ્યું હતું.
- મહિલા ડબલ્સમાં તેની સફળતા ઉપરાંત તેમણે મિશ્ર ડબલ્સમાં પણ સફળ કારકિર્દી બનાવી છે.
- તેમણે તેની કારકિર્દીમાં 6 ગ્રાન્ડ સ્લેમ ડબલ્સ ટાઈટલ જીત્યા છે.
- તેમણે શ્રી મહેશ ભૂપતિ સાથે ભાગીદારી કરીને 2009માં ઓસ્ટ્રેલિયન ઓપનમાં તેનું પ્રથમ મિક્સ ડબલ્સ ખિતાબ જીત્યું હતું.
- આ જોડીએ 2012માં ફ્રેન્ચ ઓપનમાં તેની બીજી જીત મેળવી હતી.
- સાનિયા મિર્ઝાનું ત્રીજુ મિક્સ ડબલ્સ ટાઈટલ 2014માં યુએસ ઓપનમાં મળ્યું હતું, જ્યાં તેમણે બ્રાઝિલના ખેલાડી બ્રુનો સોરેસ સાથે ભાગીદારી કરી હતી.
- 2015માં તેમણે સ્વિસ અનુભવી માર્ટિના હિંગિસ સાથે ભાગીદારી કરી અને ત્રણ બેક–ટુ–બેક ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીત્યા હતા.
- ઓક્ટોબર 2005માં Time દ્વારા સાનિયા મિર્ઝાને '50 Heroes Asia'માંના એક તરીકે તેનું નામ આપવામાં આવ્યું હતું.
- 25 નવેમ્બર 2013ના રોજ મહિલા વિરુદ્ધ હિંસાનો અંત લાવવાના આંતરરાષ્ટ્રીય દિવસ દરમિયાન તેમને દક્ષિણ એશિયા માટે યુએન વિમેન્સ ગુડવિલ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- વર્ષ 2010માં તેમણે પાકિસ્તાનના પૂર્વ ક્રિકેટર શોએબ મલિક સાથે લગ્ન કર્યા હતા.
- વર્ષ 2014માં તેલંગાણા સરકારે સાનિયા મિર્ઝાને રાજ્યની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કર્યા હતા.
- સુશ્રી સાનિયા મિર્ઝાને મળેલા પુરસ્કાર નીચે મુજબ છે :

(1) અર્જુન એવોર્ડ (2004)

(2) પદ્મશ્રી (2006)

(3) મેજર ધ્યાનચંદ ખેલ રત્ન (2015)

(4) પદ્મ ભૂષણ (2016)

(5) NRI ઓફ ધ યર (2016)

## ભારતીય ડેમોની સ્થિતિ (State of Indian Dams)

યુનાઈટેડ નેશન્સ દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસ મુજબ ભારતમાં આશરે 3700 ડેમ 2050 સુધીમાં તેમના કુલ સંગ્રહના 26% જેટલા કાંપના સંચયને કારણે ગુમાવશે જે ભવિષ્યમાં જળ સુરક્ષા, સિંચાઈ અને વીજ ઉત્પાદનને નબળી પાડી શકે છે.

- આ અભ્યાસ <u>યુનાઈટેડ નેશન્સ યુનિવર્સિટી ઈન્સ્ટિટ્યૂટ ઓન વોટર, એન્વાયરનમેન્ટ એન્ડ હેલ્થ (UNU-INWEH)</u> દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો, જેને પાણી પર <u>યુએનની થિંક ટેન્ક</u> તરીકે પણ ઓળખવામાં આવે છે.

## અભ્યાસના મુખ્ય મુદ્દાઓ

અવક્ષેપ (ફસાયેલા કાપ) પહેલાથી જ વિશ્વભરના લગભગ <u>50,000</u> મોટા ડેમો તેમની સંપૂર્ણ પ્રારંભિક સંગ્રહ ક્ષમતાના <u>13-19%</u> સુધી ઘટાડી ચૂક્યા છે.

- તે દર્શાવે છે કે <u>150 દેશો</u>માં <u>47,403</u> મોટા ડેમમાં <u>6,316 બિલિયન ક્યુબિક મીટર</u>ની પ્રારંભિક વૈશ્વિક સંગ્રહ ક્ષમતા ઘટીને 4,665 બિલિયન ક્યુબિક મીટર થઈ જશે, જે <u>2050 સુધી</u>માં સ્ટોરેજમાં <u>26%</u>નું નુકસાન થશે.
- 1650 બિલિયન ક્યુબિક મીટર સ્ટોરેજ કેપેસિટીનું નુકસાન ભારત, ચીન, ઈન્ડોનેશિયા, ફ્રાન્સ અને કેનેડાના સંયુક્ત વાર્ષિક પાણીના વપરાશની લગભગ બરાબર છે.
- 2022માં એશિયા–પેસિફિક ક્ષેત્ર વિશ્વનો સૌથી વધુ ડેમ ધરાવતો પ્રદેશ હતો, તેની પ્રારંભિક ડેમની સંગ્રહ ક્ષમતાના <u>13%</u> ગુમાવવાનો અંદાજ છે.
- આ પ્રદેશ વિશ્વની <u>60%</u> વસતીનું ઘર છે અને પાણી અને ખાદ્ય સુરક્ષાને ટકાવી રાખવા માટે પાણીનો સંગ્રહ નિર્ણાયક છે.
- વિશ્વમાં સૌથી ભારે ડેમ ધરાવતો દેશ ચીન પહેલેથી જ તેની ડેમની સંગ્રહ ક્ષમતાના લગભગ 10% ગુમાવી ચૂક્યું છે.

## ભારતીય ડેમોની સ્થિતિ

મોટા ડેમ બનાવવાની બાબતમાં ભારત વિશ્વમાં ત્રીજા ક્રમે છે.

- અત્યાર સુધીમાં બાંધવામાં આવેલા 5200 થી વધુ મોટા ડેમમાંથી લગભગ 1100 મોટા ડેમ 50 વર્ષ સુધી પહોંચી ગયા છે અને કેટલાક તો 120 વર્ષથી વધુ જૂના છે.
- ઉદાહરણ તરીકે કૃષ્ણ રાજા સાગર ડેમ 1931માં બાંધવામાં આવ્યો હતો અને હવે તે 90 વર્ષનો છે.
- એ જ રીતે મેટ્ટુર ડેમ 1934માં બાંધવામાં આવ્યો હતો અને હવે તે 87 વર્ષનો છે. આ બંને જળાશયો પાણીની અછત ધરાવતા કાવેરી નદીના તટપ્રદેશમાં આવેલા છે.






**1.** ભારતમાં 'હિન્દી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 જાન્યુઆરી (B) 9 સપ્ટેમ્બર (C) 10 જાન્યુઆરી (D) 14 સપ્ટેમ્બર **(D)**

**2.** 'વિશ્વ હિન્દી દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 8 જાન્યુઆરી (B) 9 જાન્યુઆરી (C) 10 જાન્યુઆરી (D) 11 જાન્યુઆરી **(C)**

**3.** ભારતમાં પ્રથમ 'વિશ્વ હિન્દી સંમેલન'નું આયોજન કયાં થયું હતું ?

(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) પૂણે (D) નાગપુર **(D)**

**4.** ગુજરાતમાં ઉત્તરાયણના પર્વ દરમિયાન ગુજરાતમાં પતંગના દોરાથી ઘાયલ પક્ષીઓની સારવાર માટે 10 થી 20 જાન્યુઆરી 2023 દરમિયાન ગુજરાત સરકાર દ્વારા કયું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું ?

(A) બર્ડ અભિયાન (B) કાઈટ અભિયાન

(C) સેવ બર્ડ અભિયાન (D) કરૂણા અભિયાન **(D)**

**5.** તાજેતરમાં સુશ્રી સાનિયા મિર્ઝાએ નિવૃત્તિની જાહેરાત કરી હતી. તેઓ કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) ટેનિસ (B) બેડમિન્ટન (C) ક્રિકેટ (D) શુટિંગ **(A)**

**6.** તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ યુનિવર્સિટી ઈન્સ્ટિટ્યૂટ ઓન વોટર, એન્વાયરમેન્ટ એન્ડ હેલ્થ (UNU - INWEH) દ્વારા હાથ ધરવામાં અભ્યાસ મુજબ ભારતમાં 3700 ડેમ _____ વર્ષ સુધીમાં તેમના કુલ સંગ્રહના 26 જેટલા કાપના સંચયને કારણે ગુમાવશે.

(A) 2050 (B) 2062 (C) 2069 (D) 2075 **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓડિશાએ JAGA મિશન માટે 'વર્લ્ડ હેબિટેટ એવોર્ડ 2023' જીત્યો




ઓડિશાને UN-Habitat દ્વારા ઝુપડપટ્ટીના રહેવાસીઓના જીવનને સશક્ત બનાવવા અને તેની 5T પહેલ 'JAGA મિશન' દ્વારા ભારતમાં એક ઝુપડપટ્ટી મુક્ત રાજ્ય બનાવવાના પ્રયાસો માટે માન્યતા આપવામાં આવી છે.

- એક સત્તાવાર નિવેદન અનુસાર 'જગા મિશન' (JAGA Mission) વિશ્વનો સૌથી મોટો ઝુંપડપટ્ટી અપગ્રેડિંગ કાર્યક્રમ (Slum Upgrading Program) છે.
- તે ઓડિશા રાજ્યના મુખ્યમંત્રી શ્રી નવીન પટનાયકના નેતૃત્વ હેઠળ ઓડિશા રાજ્યની તમામ 2,919 ઝૂંપડપટ્ટીઓને અપગ્રેડ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.
- પહેલના છેલ્લા પાંચ વર્ષમાં 1,75,000 પરિવારોને જમીન પટ્ટાની સુરક્ષા પૂરી પાડવામાં આવી છે.
- 2019માં જગા મિશનને ઝુંપડપટ્ટીના રહેવાસીઓ માટે જમીન સુરક્ષા પૂરી પાડવામાં સફળતા માટે 'વર્લ્ડ હેબિટેટ' એવોર્ડ મળ્યો હતો.
- અને હવે ઓડિશા રાજ્યએ તેની 5T પહેલ 'જગા મિશન' માટે 'યુએન હેબિટેટ વર્લ્ડ હેબિટેટ એવોર્ડ' જીત્યો છે.

## Young Professionals Scheme : ભારત - યુકે




તાજેતરમાં ભારત અને યુનાઈટેડ કિંગ્ડમની સરકારોએ 9 જાન્યુઆરી, 2023ના એટલે કે પ્રવાસી ભારતીય દિવસ નિમિત્તે 'યંગ પ્રોફેશનલ્સ યોજના' (Young Professionals Scheme) શરૂ કરી હતી.

- જે 18 થી 30 વર્ષની વય વચ્ચેના 3,000 ડિગ્રી ધારક નાગરિકોને બે વર્ષ માટે એકબીજાના દેશોમાં રહેવા અને કામ કરવાની મંજૂરી આપશે.
- નવેમ્બર 2022માં બાલીમાં યોજાયેલ G20 સમિટમાં આ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.

- સફળ ઉમેદવારો તેમના યજમાન દેશમાં નોકરી, શૈક્ષણિક અથવા સાંસ્કૃતિક તકો શોધી શકશે.
- આ યોજના દર વર્ષે 3,000 વ્યક્તિઓ માટે વિઝા એક્સચેન્જની મંજૂરી આપે છે. વિઝા માટે અરજી કરતી વખતે ઉમેદવારો નોકરીની કતારમાં હોય તે જરૂરી નથી.
- યંગ પ્રોફેશનલ્સ સ્કીમ યુવા ભારતીયો અને બ્રિટિશરો માટે આંતરરાષ્ટ્રીય અનુભવ મેળવવા અને તેમની સાંસ્કૃતિક ક્ષિતિજોને વિસ્તૃત કરવાની અનન્ય તક આપે છે.
- તે સાંસ્કૃતિક વિનિમયને પ્રોત્સાહન આપીને અને વ્યાવસાયિકોનું નેટવર્ક બનાવીને બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવાની ક્ષમતા ધરાવે છે.

## ભારતીય ફૂટબોલ વિઝન 2047

ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશને 'વિઝન 2047' સાથે તેના વ્યૂહાત્મક રોડમેપનું અનાવરણ કર્યુ છે.




- અને દેશની આઝાદીના શતાબ્દી વર્ષમાં એશિયાઈ ફૂટબોલ ક્ષેત્રે ભારતને એક નવી શક્તિ તરીકે ઉભરી જવાની આશા છે.
- ભારતીય ફૂટબોલના તમામ હિતધારકોના સહયોગથી વિકસાવવામાં આવેલા રોડમેપમાં એશિયન ફૂટબોલ કોન્ફેડરેશન અને FIFA પાસેથી પણ ઈનપુટ માંગવામાં આવ્યા છે.
- AIFFએ 'વિઝન 2047'ને ચાર વર્ષમાં છ વ્યૂહાત્મક તબક્કામાં વિભાજિત કર્યુ છે.
- તેનો પ્રથમ તબક્કો વર્ષ 2026 સુધીના સમયગાળાને આવરી લેવાનો પ્રયાસ કરશે.

### ભારતીય ફૂટબોલ વિઝન 2047

**(1) રાષ્ટ્રીય ફૂટબોલ દર્શન :**

- ભારતની રાષ્ટ્રીય ફૂટબોલ ફિલસૂફી (અથવા દર્શન) સ્કાઉટિંગમાંથી ડેટા એકત્ર કરવા, ટેકનિકલ અભ્યાસક્રમ બનાવવા, કોચ અને ખેલાડીઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને આશા છે કે રાષ્ટ્રીય ટીમ માટે ટેલેન્ટ પૂલમાં ફેરવવા પર આધારિત હશે.
- રાષ્ટ્રીય રમત–ગમતની ફિલસૂફી બનાવવા માટે AIFF ઈકોસિસ્ટમના તમામ સ્તરે ફૂટબોલની ગુણવત્તા સુધારવા માટે કોચ શિક્ષણ કાર્યક્રમ વિકસાવશે.

- AIFFએ 50,000 સક્રિય કોચ રાખવાનું લક્ષ્ય પણ નક્કી કર્યુ છે, જેમાંથી લગભગ 4500 પાસે ઓછામાં ઓછું AIFF C લાઈસન્સ હોવું જોઈએ.
- વર્ષ 2026 સુધીમાં ડેટા એકત્ર કરવા અને સ્કાઉટિંગ સિસ્ટમ બનાવવા પર ફોકસ કરવામાં આવશે.

**(2) વાઈબ્રન્ટ ફૂટબોલ ઈકોસિસ્ટમ :**

- રોડમેપમાં ભારત એશિયાના ટોચના ચાર ફૂટબોલ રાષ્ટ્રોમાં સ્થાન ધરાવે છે, એશિયામાં ટોચની લીગમાંની એકનું આયોજન કરે છે અને વાઈબ્રન્ટ ફૂટબોલ ઈકોસિસ્ટમ બનાવે છે.

**(3) ગામડાના પાયાના કાર્યક્રમો :**

- AIFF સમગ્ર ભારતમાં 100 ગામડાઓમાં 35 મિલિયન બાળકો સુધી પહોંચવા માટે ગ્રામીણ સ્તરના કાર્યક્રમો અમલમાં મૂકવાનું લક્ષ્ય રાખે છે અને 1 મિલિયન નોંધાયેલા ખેલાડીઓની નોંધણી કરવાનો અને ફૂટબોલ શાળાઓ દ્વારા 25 મિલિયન બાળકોને ફૂટબોલ શિક્ષણ આપવાનું લક્ષ્ય રાખે છે.

**(4) મહિલાઓની ભાગીદારીમાં વધારો :**

- 2026 સુધીમાં મહિલા ફૂટબોલ માટે ચાર–સ્તરીય લીગ ટેબલ પિરામિડ બનાવવામાં આવશે.
- જેમાં ભારતીય મહિલા લીગ 10 ટીમોનો સમાવેશ કરતી પિરામિડની ટોચ પર હશે. ત્યારબાદ 8 ટીમોનો સમાવેશ કરીને બીજો વિભાગ આવશે.
- AIFFએ ઓછામાં ઓછા 20 રાજ્યોને વર્ષ 2027 સુધીમાં નવીન મહિલા યુવા માળખાને અમલમાં મૂકવાનું લક્ષ્ય રાખ્યું છે.

**(5) મૂળભૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર :**

- AIFF નીતિગત હસ્તક્ષેપોનો અમલ કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરશે જે સરકારી સત્તાવાળાઓ, ફૂટબોલ ટીમો/ક્લબો, કોર્પોરેશનો અને ખાનગી રોકાણકારોને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરવા પ્રોત્સાહિત કરશે.

## ભારતમાં ફૂટબોલ દૃશ્ય

ભારતમાં ફૂટબોલ વિકાસના તબક્કામાં છે. વિશ્વનો બીજો સૌથી વધુ વસતી ધરાવતો દેશ હોવા છતા ફૂટબોલ ભારતમાં ક્રિકેટ અને હોકી જેવી અન્ય રમતો જેટલી લોકપ્રિય નથી.

- ભારતમાં ફૂટબોલ સામેના મુખ્ય પડકારોમાં રોકાણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ છે.
- દેશમાં ઘણા સ્ટેડિયમ અને તાલિમ સુવિધાઓ ખરાબ હાલતમાં છે અને પ્રશિક્ષિત કોચનો અભાવ છે.
- આનાથી ખેલાડીઓ માટે તેમની કુશળતા વિકસાવવી અને ટીમ માટે ઉચ્ચ સ્તરે સ્પર્ધા કરવી મુશ્કેલ બને છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતીય રાષ્ટ્રીય ટીમે તેની FIFA રેન્કિંગ સુધારવામાં થોડી પ્રગતિ કરી છે.
- ઈન્ડિયન સુપર લીગ (ISL) અને I-લીગ (ભારતમાં સંયુક્ત પ્રીમિયર ફૂટબોલ લીગ)માં પણ લોકપ્રિયતા અને હાજરીમાં વધારો જોવા મળ્યો છે.
- AIFFના તાજેતરના પ્રયાસો ફૂટબોલને વધુને વધુ લોકો તરફ આકર્ષિત કરશે. અને ફૂટબોલ પ્રત્યે લોકપ્રિયતા અને સફળતામાં વધારો કરશે.

નોંધ : (1) ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF) એ ભારતમાં ફૂટબોલની રમતના સંચાલન સાથે સંબંધિત સંસ્થા છે.

(2) AIFFની સ્થાપના વર્ષ 1937માં કરવામાં આવી હતી. અને વર્ષ 1947માં ભારતની આઝાદી પછી વર્ષ 1948માં FIFA એફિલિએશન મળ્યું હતું.



**1.** તાજેતરમાં કયા રાજ્યએ તેના JAGA મિશન માટે 'વર્લ્ડ હેબિટેટ એવોર્ડ 2023' જીત્યો છે ?

(A) ઓડિશા (B) મણિપુર (C) ત્રિપુરા (D) ઝારખંડ **(A)**

**2.** તાજેતરમાં ચર્ચામાં રહેલ ઓડિશાનું 'JAGA મિશન' શેના સંબંધિત છે ?

(A) ટીબી મુક્ત કાર્યક્રમ

(B) હોકીની રમતને પ્રોત્સાહન આપવા માટેનો કાર્યક્રમ

(C) ઝુંપડપટ્ટી અપગ્રેડિંગ કાર્યક્રમ

(D) સગર્ભા સ્ત્રીઓને પોષ્ટિક આહાર આપવાનો કાર્યક્રમ **(C)**

**3.** 'Young Professional Scheme' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ યોજના ભારત અને યુનાઈટેડ કિંગ્ડમની સરકારો દ્વારા શરૂ કરવામાં આવી છે.
2. આ યોજના અંતર્ગત ભારત અને યુનાઈટેડ કિંગ્ડમ 18 થી 30 વર્ષની વય વચ્ચેના 3000 ડિગ્રી ધારક નાગરિકોને બે વર્ષ માટે એકબીજાના દેશોમાં રહેવા અને કામ કરવાની મંજૂરી આપશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે.

(B) વિધાન 1 ખોટું છે પરંતુ વિધાન 2 સાચું છે.

(C) વિધાન 1 અને 2 બંને સાચા છે

(D) વિધાન 1 અને 2 બંને ખોટા છે. **(C)**

**4.** ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (AIFF)એ _____ સાથે તેના વ્યૂહાત્મક રોડ મેપનું અનાવરણ કર્યુ છે.

(A) વિઝન 2027 (B) વિઝન 2033 (C) વિઝન 2042 (D) વિઝન 2047 **(D)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 12 જાન્યુઆરી, રાષ્ટ્રીય યુવા દિન



ભારતમાં શ્રી સ્વામી વિવેકાનંદનો જન્મ દિન 12 જાન્યુઆરી 'રાષ્ટ્રીય યુવા દિન' તરીકે ઉજવાય છે.

- ભારતમાં 1984થી તેની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- સ્વામી વિવેકાનંદનો જન્મ 12 જાન્યુઆરી, 1863ના રોજ પશ્ચિમ બંગાળના કોલકાતા ખાતે થયો હતો.
- અને તેમનું નિધન 4 જુલાઈ, 1902ના રોજ પશ્ચિમ બંગાળના બેલુર મઠમાં થયું હતું.
- સ્વામી વિવેકાનંદનું તેજમય જીવન અને શાશ્વત, વાસ્તવિક દર્શન આજે પણ ભારતના યુવાનો માટે પ્રેરણાનો ખૂબ જ મોટો સ્ત્રોત છે.

નોંધ : (1) વિશ્વના અનેક દેશોમાં અલગ–અલગ દિવસે યુવા દિનની ઉજવણી કરવામાં આવે છે.

(2) આ અંતર્ગત ભારતમાં 12 જાન્યુઆરીના રોજ 'યુવા દિન' અથવા તો 'રાષ્ટ્રીય યુવા દિન'ની ઉજવણી કરવામાં આવે છે. જ્યારે 'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' 12 ઓગસ્ટના રોજ ઉજવાય છે.

(3) શ્રી સ્વામી વિવેકાનંદનું મૂળ નામ નરેન્દ્રનાથ દત્ત હતું. તેઓ 19મી સદીના પ્રખ્યાત સંત શ્રી રામકૃષ્ણ પરમહંસના શિષ્ય હતા.

ICE INSTITUTE FOR COMPETITI

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'આઝાદી કી યાદે' મ્યુઝિયમનું લોકાર્પણ કર્યુ




તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદના એસ.પી. રિંગરોડ પર બાકરોલ નજીક આવેલા સરદાર પેટ્રો સ્ટેશન પરિસરમાં નિર્મિત 'આઝાદી કી યાદે' મ્યુઝિયમનું લોકાર્પણ કર્યું હતું.

- ભારતને આઝાદી અપાવનાર વીર સેનાનીઓના સંઘર્ષ અને ભારતના 400 વર્ષ જૂના ઈતિહાસને ઉજાગર કરતું આ મ્યુઝિયમ અમદાવાદનું આગવું નજરણુ બની રહેશે.

- ઈન્ડિયન ઓઈલ કંપનીએ દેશભરમાં આવેલા 75 જેટલા પેટ્રોલ પંપ પર આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવવાનું નક્કી કર્યુ હતું.
- જેની ફળશ્રુતિરૂપે સરદાર પેટ્રો સ્ટેશન 'આઝાદી કી યાદી' મ્યુઝિયમના નિર્માણ માટે પસંદગી પામ્યું છે.
- આઝાદી કા અમૃત મહોત્સવ ઉજવણીમાં આ પેટ્રો સ્ટેશન પ્રથમ ક્રમે આવ્યું છે.
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઈન્ડિયન ઓઈલ કંપનીને આ મ્યુઝિયમના નિર્માણ માટે અભિનંદન પાઠવ્યા હતા.
- પેટ્રોલ પંપ પરિસરમાં બનેલું આ મ્યુઝિયમ અનોખું છે. આ ભારતનું પહેલું એવું પેટ્રોલ સ્ટેશન છે કે જ્યાં મ્યુઝિયમ થકી દેશના વીર સપુતોને શ્રદ્ધાજંલી આપવામાં આવી હોય.
- અત્યાધુનિક લાઈટ અને સેટઅપ સાથે અહીં રાષ્ટ્રપિત મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, શ્રી સુભાષચંદ્ર બોઝ સહિતના રાષ્ટ્રનાયકોની યશગાથા વર્ણાવવામાં આવી છે.
- આ ઉપરાંત ભારતના પ્રાચીન શાસકોથી લઈને તમામ વડાપ્રધાનશ્રીઓની તસવીરો અને યાદી મુકાઈ છે.

## પૃથ્વી-2 મિસાઈલનું સફળ પરીક્ષણ

તાજેતરમાં ભારતે વ્યૂહાત્મક બેલેસ્ટિક મિસાઈલ પૃથ્વી-2નું ઓડિશાના દરિયાકાંઠેથી ટેસ્ટ રેન્જમાંથી સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું.

### પૃથ્વી-2 મિસાઈલ

પૃથ્વી–2 મિસાઈલ સપાટી–થી–સપાટી પ્રહાર કરતી મિસાઈલ છે.

- તે ઉચ્ચ સ્તરની ચોકસાઈ સાથે લક્ષ્યને હિટ કરવા સક્ષમ છે.
- પૃથ્વી– 2 મિસાઈલની રેન્જ 250 થી 350 કિમી છે.
- તે સ્વદેશી રીતે વિકસીત સરફેસ–ટુ–સરફેસ શોર્ટ રેન્જ બેલેસ્ટિક મિસાઈલ (SRBM) છે. અને તે એક ટન પેલોડ વહન કરી શકે છે.
- પૃથ્વી– 2 મિસાઈલ 500 થી 1000 કિલોગ્રામ વોરહેડ્સ લઈ જવા માટે સક્ષમ છે.
- તે લિક્વિડ પ્રોપલ્શન ટ્વીન એન્જિન દ્વારા સંચાલિત છે.



- તે તેના ટાર્ગેટને હિટ કરવા માટે અદ્યતન ઈનર્શિયલ ગાઈડન્સ સિસ્ટમનો ઉપયોગ કરે છે.
- તેનું નિર્માણ DRDOએ 'ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ' (IGMDP) હેઠળ કર્યુ છે.
- તેને શરૂઆતમાં ભારતીય વાયુ સેના માટે પ્રાથમિક વપરાશકર્તા તરીકે વિકસાવવામાં આવ્યું હતું. અને બાદમાં તેને ભારતીય સેનામાં સામેલ કરવામાં આવી હતી.
- જ્યારે મિસાઈલને 2003માં ભારતના સ્ટ્રેટિજિક ફોર્સીસ કમાન્ડમાં પ્રથમ વખત સામેલ કરવામાં આવી હતી, તે IGMDP હેઠળ વિકસાવવામાં આવેલી પ્રથમ મિસાઈલ હતી.

નોંધ : (1) પૃથ્વી મિસાઈલ સિસ્ટમમાં વિવિધ ટૂંકા અંતરની સપાટીથી સપાટી વ્યૂહાત્મક બેલેસ્ટિક મિસાઈલોનો સમાવેશ થાય છે. તેનો વિકાસ વર્ષ 1983માં શરૂ થયો હતો અને તે ભારતની પ્રથમ બેલેસ્ટિક મિસાઈલ હતી.

(2) ધનુષ એ પૃથ્વી-I અને પૃથ્વી III વર્ગની મિસાઈલોના નૌકા સંસ્કરણનું કોડ નેમ છે.

(3) પૃથ્વી-I મિસાઈલ 1994થી ભારતીય સેનાની સેવામાં છે. જ્યારે પૃથ્વી-2 1996થી સેવામાં છે.

## બાળ મૃત્યુ દર અને મૃત જન્મ અંગેનો અહેવાલ

યુનાઈટેડ નેશન્સ ઈન્ટર – એજન્સી ગ્રુપ ફોર ચાઈલ્ડ મોર્ટાલિટી એસ્ટીમેશન (UN IGME) દ્વારા તાજેતરમાં બાળ મૃત્યુ દર (બાળ મૃત્યુદરમાં સ્તર અને વલણો) અને મૃત જન્મ અંગેના બે વૈશ્વિક અહેવાલો બહાર પાડવામાં આવ્યા હતા.

### બાળ મૃત્યુ દરનું સ્તર અને વલણ (Levels and Trends in Child Mortality)

#### મૃત્યુ દર સંબંધિત આંકડા

વૈશ્વિક સ્તરે વર્ષ 2021માં પાંચ વર્ષથી ઓછી વયના મૃત્યુ પામેલા બાળકોની સંખ્યા 5 મિલિયન હતી.

- તેમાંથી અડધાથી વધુ (2.7 મિલિયન) 1-59 મહિનાની વયના બાળકો હતા.
- જ્યારે બાકીના (2.3 મિલિયન) જીવનના પ્રથમ મહિનામાં મૃત્યુ પામ્યા હતા. (નવજાત મૃત્યુ)
- ભારતમાં પાંચ વર્ષથી ઓછી ઉંમરના મૃત્યુ પામેલા બાળકોની સંખ્યા લગભગ 7 લાખ છે, જેમાં 5.8 લાખ શિશુ મૃત્યુ (એક વર્ષ પહેલાં મૃત્યુ) અને 4.4 લાખ નવજાત મૃત્યુનો સમાવેશ થાય છે.

#### મૃત્યુદરમાં ઘટાડો

સદીના પ્રારંભથી વૈશ્વિક અંડર-5 મૃત્યુ દરમાં 50% ઘટાડો થયો છે.

- જ્યારે મોટા બાળકો અને યુવાનોના મૃત્યુદરમાં 36% અને મૃત જન્મ દરમાં 35%નો ઘટાડો થયો છે.

**નોંધ :** સબ–સહારન આફ્રિકા અને દક્ષિણ એશિયામાં બાળ મૃત્યુદરનો સૌથી વધુ દર ચાલુ છે. સબ–સહારન આફ્રિકામાં જન્મેલા બાળકોમાં જીવિત રહેવાનો દર સૌથી ઓછો છે.

## ગુણવત્તાયુક્ત આરોગ્યની એક્સેસ અને વધતા ચેપી રોગો

વૈશ્વિક સ્તરે બાળકો માટે ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળની પહોંચ અને ઉપલબ્ધતા એ જીવન કે મૃત્યુનો વિષય છે.

- મોટાભાગના બાળકોના મૃત્યુ પ્રથમ પાંચ વર્ષમાં થાય છે, જેમાંના 50% બાળકો જીવનના પ્રથમ મહિનામાં મૃત્યુ પામે છે.
- અકાળ જન્મ અને ડિલિવરી દરમિયાન થતી ગૂંચવાણો આ નાના બાળકો માટે મૃત્યુના મુખ્ય કારણો છે.
- વૈશ્વિક આરોગ્ય એજન્સીએ શોધી કાઢ્યું છે કે ન્યુમોનિયા, ઝાડા અને મેલેરિયા જેવા ચેપી રોગો તેમના જન્મના 28 દિવસ પછી જીવતા બાળકો માટે સૌથી વધુ જોખમ છે.

## મૃત જન્મ અંગેનો રિપોર્ટ

વૈશ્વિક સ્તરે વર્ષ 2021માં મૃત જન્મ સંખ્યા 1.9 મિલિયન હોવાનો અંદાજ છે.

**નોંધ :** ભારતમાં વર્ષ 2021માં મૃત જન્મોની કુલ અનુમાનિત સંખ્યા (2,86,482) 1-59 મહિનામાં (2,67565) મૃત્યુ પામેલા બાળકોની સંખ્યા કરતા વધુ છે.

## મોટા ભાગના બાળકોના મૃત્યુના કારણ

સમય પૂર્વ જન્મ અથવા અકાળ જન્મ (ગર્ભાવસ્થાના 37 અઠવાડિયા પહેલા જન્મેલ બાળક) એક પડકાર છે કારણ કે ગર્ભાવસ્થાના 37 અઠવાડિયા પછી જન્મેલા લોકોની સરખામણીમાં 'સમય પૂર્વે જન્મેલ બાળકો' (પ્રિમેચ્યોર બેબીઝ)માં જન્મ પછી મૃત્યુનું જોખમ બેથી ચાર ગણું વધારે હોય છે.

- વૈશ્વિક સ્તરે દર 10માંથી એક જન્મ અકાળ છે, ભારતમાં દર છ થી સાત જન્મોમાંથી એક જન્મ સમય પહેલા જન્મે છે.



1. 'આંતરરાષ્ટ્રીય યુવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 જાન્યુઆરી (B) 12 ઓગસ્ટ (C) 12 સપ્ટેમ્બર (D) 12 ઓક્ટોબર **(B)**

2. ભારતમાં 'રાષ્ટ્રીય યુવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 જાન્યુઆરી (B) 12 ઓગસ્ટ (C) 12 સપ્ટેમ્બર (D) 12 ઓક્ટોબર **(A)**

3. ભારતીય યુવાનોના પ્રેરણાસ્ત્રોત શ્રી સ્વામી વિવેકાનંદનો જન્મ કયારે થયો હતો ?

(A) 12 જાન્યુઆરી, 1863 (B) 12 જાન્યુઆરી, 1869

(C) 12 જાન્યુઆરી, 1875 (D) 12 જાન્યુઆરી, 1877 **(A)**

4. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કયા શહેરમાં 'આઝાદી કી યાદે' મ્યુઝિયમનું લોકાર્પણ કર્યુ હતું ?

(A) અમદાવાદ (B) વડોદરા (C) સુરત (D) ગાંધીનગર **(A)**

5. તાજેતરમાં ભારતે વ્યૂહાત્મક બેલેસ્ટિક મિસાઈલ 'પૃથ્વી-2'નું ઓડિશાના દરિયાકાંઠે ટેસ્ટ રેન્જમાંથી સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું. પૃથ્વી 2 મિસાઈલ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. પૃથ્વી-2 મિસાઈલ સપાટી થી સપાટી પ્રહાર કરતી મિસાઈલ છે. તે ઉચ્ચ સ્તરની ચોકસાઈ સાથે લક્ષ્યને હિટ કરવા સક્ષમ છે.
2. પૃથ્વી-2 મિસાઈલની રેન્જ 250 થી 350 કિમી છે.
3. પૃથ્વી-2 મિસાઈલ 500 થી 1000 કિલોગ્રામ વોરહેડ્સ લઈ જવા સક્ષમ છે.
4. તેનું નિર્માણ DRDOએ 'ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ'(IGMDP) હેઠળ કર્યુ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(D)**

6. તાજેતરમાં UN IGME દ્વારા 'બાળ મૃત્યુ દર (બાળ મૃત્યુ દરમાં સ્તર અને વલણો) અને મૃત જન્મ' અંગેના બે વૈશ્વિક અહેવાલો બહાર પાડવામાં આવ્યા હતા. આ અહેવાલ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ અહેવાલ અનુસાર વૈશ્વિક સ્તરે વર્ષ 2021માં પાંચ વર્ષથી ઓછી વયના મૃત્યુ પામેલા બાળકોની સંખ્યા 5 મિલિયન હતી.
2. તેમાંથી અડધાથી વધુ (2.7 મિલિયન) 1-59 મહિનાની વયના બાળકો હતા, જ્યારે બાકીના (2.3 મિલિયન) જીવનના પ્રથમ મહિનામાં મૃત્યુ પામ્યા હતા. (નવજાત મૃત્યુ)
3. આ અહેવાલ અનુસાર વૈશ્વિક સ્તરે વર્ષ 2021માં મૃત જન્મ સંખ્યા 1.9 મિલિયન હોવાનો અંદાજ છે.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 **(D)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## RRR ફિલ્મના 'નાટુ નાટુ' ગીતને ગોલ્ડન ગ્લોબ એવોર્ડ

તાજેતરમાં કેલિફોર્નિયાના બેવર્લી હિલ્સમાં 80મો 'ગોલ્ડન ગ્લોબ એવોર્ડ' યોજાયો હતો.

- જેમાં શ્રી એસ.એસ. રાજામૌલીની બ્લોકસ્ટાર તેલુગુ ફિલ્મ RRRના હિટ સોંગ 'નાટુ નાટુ'એ બેસ્ટ ઓરિજિનલ સોંગ મોશન પિકચર કેટેગરીમાં એવોર્ડ જીત્યો છે.




- નાટુ નાટુ સોંગ ખ્યાતનામ મ્યુઝિક ડાયરેક્ટર શ્રી એમ. એમ. કીરાવાની (M.M.Keeravaani)એ કમ્પોઝ કર્યુ તથા ચંદ્ર બોઝે લખ્યું છે.
- આ ગીતના ગાયકો કાલા ભૈરવ અને રાહુલ સિપલીગંજ છે.
- જ્યારે મોશન પિકચર કેટેગરીમાં સ્ટીવન સ્પીલબર્ગની 'The Fablemans'એ બેસ્ટ મોશન પિકચર (ડ્રામા) એવોર્ડ જીત્યો છે તથા 'Banshees of Inisherin'ને બેસ્ટ મોશન પિકચર–મ્યુઝિકલ અથવા કોમેડીનો એવોર્ડ મળ્યો છે.
- આ ઉપરાંત સ્પીલબર્ગને 'ધ ફેબલમેન્સ' માટે શ્રેષ્ઠ દિગ્દર્શકનો એવોર્ડ મળ્યો છે.

### ગોલ્ડન ગ્લોબ એવોર્ડ



દર વર્ષે હોલીવૂડ ફોરેન પ્રેસ એસોસિએશન (HFPA) મનોરંજન જંગતમાં વિશેષ સિદ્ધિઓ માટે સ્થાનિક અને વિદેશી કલાકારો તથા ફિલ્મોને 'ગોલ્ડન ગ્લોબ એવોર્ડ'થી સન્માનિત કરે છે.

- પ્રથમ ગોલ્ડન ગ્લોબ એવોર્ડ જાન્યુઆરી 1944માં લોસ એન્જલસમાં યોજાયો હતો.
- દર વર્ષે જાન્યુઆરીમાં આ એવોર્ડ 93 આંતરરાષ્ટ્રીય પત્રકારોના મત (વોટ)ના આધારે આપવામાં આવે છે.
- આ પત્રકાર હોલિવૂડ અને યુએસ બહારના મીડિયા સાથે જોડાયેલ છે.
- ગોલ્ડન ગ્લોબ એવોર્ડને ઓસ્કાર બાદ ફિલ્મ અને મનોરંજન ઉદ્યોગનો સૌથી મોટો એવોર્ડ માનવામાં આવે છે.
- જેમાં ફિલ્મ અને ટીવી સાથે જોડાયેલા અભિનેતાઓ, અભિનેત્રીઓ, નિર્દેશકો અને કલાકારોનું સન્માન કરવામાં આવે છે.

નોંધ : (1) સંગીતકાર શ્રી એ.આર. રહેમાન 2009ની ફિલ્મ સ્લમડોગ મિલિયોનેર માટે શ્રેષ્ઠ સ્કોર શ્રેણીમાં ગોલ્ડન ગ્લોબ એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય હતા.

(2) મેરિલ સ્ટ્રીપ એકમાત્ર હોલિવૂડ અભિનેત્રી છે જેણે આઠ વખત આ એવોર્ડ જીત્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## MV ગંગા વિલાસ ક્રૂઝ (MV Ganga Vilas Cruise)

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વારાણસીથી વિશ્વની સૌથી લાંબી રીવર ક્રૂઝ 'MV ગંગા વિલાસ'ને ફ્લેગ ઓફ અથવા લીલી ઝંડી બતાવી રવાના કરી હતી.

- આ ઉપરાંત આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વારાણસીમાં એક ટેન્ટ સિટીનું ઉદ્‌ઘાટન કર્યુ હતું.
- તથા અન્ય અનેક આંતરદેશીય જળમાર્ગો પરિયોજનાઓનો શિલાયન્સ કર્યો હતો.

### MV ગંગા વિલાસ ક્રૂઝ વિશે




તે વિશ્વની સૌથી લાંબી નદી અથવા રીવર ક્રૂઝ છે.

- MV ગંગા વિલાસ એ ભારતમાં બનેલ પ્રથમ સ્વદેશી નિર્મિત ક્રૂઝ જહાજ છે.
- આ લક્ઝરી ક્રૂઝ ભારત અને બાંગ્લાદેશના પાંચ રાજ્યોમાં 27 નદી પ્રણાલીઓમાં 3,200 કિલોમીટરથી વધુનું અંતર કાપશે.
- MV ગંગા વિલાસ ક્રૂઝ દેશની શ્રેષ્ઠ વસ્તુઓને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવા માટે તૈયાર કરવામાં આવી છે.
- વિશ્વ ધરોહર સ્થળો, રાષ્ટ્રીય ઉદ્યાન, નદી ઘાટ અને બિહારના પટના, ઝારખંડમાં સાહિબગંજ, પશ્ચિમ બંગાળમાં કોલકાતા, બાંગ્લાદેશમાં ઢાકા અને આસામમાં ગુવાહાટી જેવા શહેરો સહિત 50 પર્યટન સ્થળોની મુલાકાત સાથે 51 દિવસની ક્રૂઝનું આયોજન કરવામાં આવ્યું છે.
- MV ગંગા વિલાસ જહાજની લંબાઈ 62 મીટર છે તથા પહોળાઈ 12 મીટર છે.
- તેમાં ત્રણ ડેક, 36 પ્રવાસીઓની ક્ષમતા સાથે 18 સ્યુટ બોર્ડ પર છે, જેમાં પ્રવાસીઓને યાદગાર અને વૈભવી અનુભવ પ્રદાન કરવા માટે તમામ સુવિધાઓ છે.
- આ જહાજ પ્રદૂષણ મુક્ત મિકેનિઝમ્સ અને અવાજ નિયંત્રણ તકનીકોથી સજ્જ છે.
- MV ગંગા વિલાસની પ્રથમ સફરમાં સ્વિત્ઝર્લેન્ડના 32 પ્રવાસીઓ વારાણસીથી દિબ્રુગઢની મુસાફરીનો આનંદ માણશે.
- આ ક્ષેત્રના વિકાસની અંતરિયાળ વિસ્તારોમાં રોજગારીની તકો ઉભી થશે.
- આ ક્ષેત્રના મહત્તમ એક્સપોઝર અને ઝડપી વિકાસ માટે નદી પર્યટન સર્કિટ્સનો વિકાસ અને હાલના પ્રવાસન સર્કિટ સાથે સંકલિત કરવામાં આવશે.

**નોંધ :** ક્રૂઝનું સંચાલન ખાનગી ઓપરેટરો દ્વારા કરવામાં આવશે. શિપિંગ, બંદરો અને જળમાર્ગ મંત્રાલય (MoPSW) હેઠળના ઈનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IWAI)એ પ્રોજેક્ટને ટેકો આપ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

# MV ગંગા વિલાસ ક્રુઝ




**Distance covered**

ભારત અને બાંગ્લાદેશના પાંચ રાજ્યોમાં 27 નદી પ્રણાલીઓમાં 3,200 કિલોમીટરથી વધુનું અંતર



**Cruise duration**

**51 days**

વિશ્વની સૌથી લાંબી રીવર ક્રૂઝ અને ભારતમાં બનેલ પ્રથમ સ્વદેશી નિર્મિત ક્રૂઝ જહાજ

**Places covered**

વિશ્વ ધરોહર સ્થળો, રાષ્ટ્રીય ઉદ્યાન, નદી ઘાટ અને બિહારના પટના, ઝારખંડમાં સાહિબગંજ, પશ્ચિમ બંગાળમાં કોલકાતા, બાંગ્લાદેશમાં ઢાકા અને આસામમાં ગુવાહાટી જેવા શહેરો સહિત 50 પર્યટન સ્થળોની મુલાકાત સાથે 51 દિવસની ક્રૂઝનું આયોજન

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 26મો રાષ્ટ્રીય યુવા મહોત્સવ (National Youth Festival)

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 12 જાન્યુઆરી 2023ના રોજ કર્ણાટકના હુબ્બલીમાં 26માં રાષ્ટ્રીય યુવા મહોત્સવનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

- રાષ્ટ્રીય યુવા મહોત્સવની થીમ 'વિકસિત યુવા, વિકસિત ભારત' છે.

- યુવાનોને જાગૃત કરવા તેમજ રાષ્ટ્ર નિર્માણ તરફ પ્રેરિત કરવા દર વર્ષે આ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે.
- નોંધનીય છે કે 26માં રાષ્ટ્રીય મહોત્સવનું આયોજન 12 થી 16 જાન્યુઆરી દરમિયાન કર્ણાટકના હુબલી–ધારવડ ખાતે થયું હતું.
- આ મહોત્સવમાં G20 અને Y-20 ઈવેન્ટની પાંચ થીમ પર ચર્ચા કરવામાં આવી હતી. જે નીચે મુજબ છે :

  (1) કાર્યનું ભવિષ્ય, ઉદ્યોગ, નવીનતા અને 21મી સદીના કૌશલ્ય

  (2) આબોહવા પરિવર્તન અને આપત્તિના જોખમમાં ઘટાડો

  (3) શાંતિ નિર્માણ અને સમાધાન

  (4) વહેંચાયેલ ભાવિ–લોકશાહી અને શાસન

  (5) આરોગ્ય અને સુખાકારી




- 15 જાન્યુઆરીએ સવારે 6 થી 8 દરમિયાન યોગાથનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કર્ણાટકના 31 જિલ્લાઓમાંથી લગભગ 5 લાખથી વધુ લોકો એકઠા થયા હતા.
- આ ઉપરાંત યુવાનો દ્વારા આઠ દેશી રમતો તેમજ માર્શલ આર્ટ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

## મધ્યપ્રદેશ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ



પ્રવાસી ભારતીય દિવસ સંમેલનના સમાપનની સાથે 11 અને 12 જાન્યુઆરીએ ઈન્દોરમાં 'વૈશ્વિક રોકાણકારો સમિટ' અથવા 'ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

- મધ્યપ્રદેશ રાજ્ય સરકારની મુખ્ય ઈવેન્ટ 'ઈન્વેસ્ટ મધ્યપ્રદેશ–ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ'ની આ 7મી આવૃત્તિનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ રીતે કર્યુ હતું.
- આ બે દિવસીય સમિટની થીમ 'Madhya Pradesh - The Future Ready State' છે.
- ગુયાના અને સુરીનામના રાષ્ટ્રપતિશ્રીએ આ સમિટને સંબોધી હતી.
- આ સમિટનો ઉદ્દેશ્ય પર્યાવરણીય સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે. અને ઈવેન્ટ સંપૂર્ણપણે કાર્બન ન્યુટ્રલ અને ઝીરો બેઝ પર આધારિત હતી.
- આ ઉપરાંત આ સમિટનો મુખ્ય ઉદ્દેશ્ય મધ્યપ્રદેશની ઔદ્યોગિક ઈકોસિસ્ટમને પ્રદર્શિત કરવાનો, રાજ્યની નીતિઓને પ્રોત્સાહન આપવાનો, ઉદ્યોગને અનુકૂળ નીતિઓ ઘડવા માટે ઔદ્યોગિક સંગઠનો સાથે પરામર્શ કરવાનો, સહયોગથી તકો પૂરી પાડવાનો અને ખરીદનાર–વિક્રેતા મીટ અને વિક્રેતા વિકાસ માટે તકો પૂરી પાડવાનો છે.

1. તાજેતરમાં કેલિફોર્નિયાના બેવર્લી હિલ્સમાં 80મો 'ગોલ્ડન ગ્લોબ એવોર્ડ' સમારોહ યોજાયો હતો. જેમાં ભારતીય 'નાટુ નાટુ' ગીતને ગોલ્ડન ગ્લોબ એવોર્ડ મળ્યો હતો. આ ગીત કઈ ફિલ્મનું છે ?

(A) KGF-1 (B) PUSHPA (C) RRR (D) KGF-2 **(C)**

2. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વારાણસીથી 'MV ગંગા વિલાસ ક્રૂઝ'ને ફ્લેગ ઓફ કરી રવાના કરી હતી. આ ક્રૂઝ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે વિશ્વની સૌથી લાંબી રીવર ક્રૂઝ છે.
2. આ ક્રૂઝ ભારત અને બાંગ્લાદેશના પાંચ રાજ્યોમાં 27 નદી પ્રણાલીઓમાં 3200 કિમીથી વધુનું અંતર કાપશે.
3. આ ક્રૂઝનું સંચાલન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ખાનગી ઓપરેટરો દ્વારા કરવામાં આવશે.
4. આ જહાજ પ્રદૂષણ મુક્ત મિકેનિઝમ્સ અને અવાજ નિયંત્રણથી સજ્જ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 1 અને 4 (D) 1, 2, 3 અને 4 **(B)**

3. તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 12 જાન્યુઆરી, 2023ના રોજ કયા સ્થળેથી 26માં 'રાષ્ટ્રીય યુવા મહોત્સવ'નું ઉદ્ઘાટન કર્યું હતું ?

(A) પટના, બિહાર (B) હુબ્બલી, કર્ણાટક
(C) ગુરુગ્રામ, હરિયાણા (D) ઈન્દોર, મધ્યપ્રદેશ **(B)**

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ઈન્વેસ્ટ મધ્યપ્રદેશ–ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ'ની ______ મી આવૃત્તિનું વર્ચ્યુઅલ રીતે ઉદ્ઘાટન કર્યું હતું.

(A) 7 (B) 5 (C) 4 (D) 3 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 જાન્યુઆરી, સશસ્ત્ર દળ ભૂતપૂર્વ સૈનિક દિવસ (Armed Forces Veteran's Day)

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં 'મિલેટ ઉત્સવ' ઉજવાયો

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતની પારંપારિક ખેત પેદાશ–મિલેટ્સ (જાડા ધન/મોટું અનાજ)ની ખેતી અને તેના આહારમાં ઉપયોગને પ્રોત્સાહન આપવા કરેલી હિમાયતની સફળતાને પગલે યુનાઈટેડ નેશન્સે વર્ષ 2023ને 'આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ' (અથવા આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ) તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો છે.



- ભારત સહિત વિશ્વભરના દેશોમાં મિલેટ (મોટું અનાજ/બાજરી)ની ઉપયોગિતા અંગે જન જાગૃતિ આ ઉજવણીને પરિણામે આવશે.
- ગુજરાતમાં પણ મિલેટ્સનો ઉપયોગ વધારવા સમગ્ર વર્ષ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે.
- આ કાર્યક્રમ અતંર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં 'મિલેટ ઉત્સવ' ઉજવાયો હતો.

INSTITUTE FOR COMPETITIVE EX

## ડિજિટલ ઇન્ડિયા એવોર્ડ 2022 : e-NAMએ પ્લેટિનમ એવોર્ડ જીત્યો

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય દ્વારા સ્થાપિત ડિજિટલ ઈન્ડિયા એવોર્ડ્સ, ડિજિટલ ગવર્નન્સના ક્ષેત્રોમાં વિવિધ સરકારી સંસ્થાઓ દ્વારા નવીન ડિજિટલ સોલ્યુશન અને અનુકરણીય પહેલોને પ્રોત્સાહિત અને સન્માનિત કરે છે.




- આ પુરસ્કારોનો ઉદ્દેશ ડિજિટલ સંસાધનોની સાર્વત્રિક એક્સેસને પ્રોત્સાહન આપવાનો છે.
- આ વર્ષે બહુવિધ કેટેગરીમાં પુરસ્કારો આપવામાં આવ્યા હતા, જેમાં વિજેતા ટીમોને પ્લેટિનમ, ગોલ્ડ અને સિલ્વર એવોર્ડ આપવામાં આવ્યા હતા.
- દરેક શ્રેણીના વિજેતા નીચે મુજબ છે :

## નાગરિકોનું ડિજિટલ સશક્તિકરણ

- પ્લેટિનમ : e-NAM
- ગોલ્ડ : ટ્રાન્સપોર્ટ મિશન મોડ પ્રોજેક્ટ (eTransport)
- સિલ્વર : જજમેન્ટ સર્ચ પોર્ટલ

## જમિની સ્તર અથવા ગ્રાસરૂટ લેવલ પર ડિજિટલ પહેલ

- પ્લેટિનમ : ઈ–વિવેચના એપ (મધ્યપ્રદેશ)
- ગોલ્ડ : DeGS કોમ્પ્યૂટર બેઝિક ટ્રેનિંગ (ઝારખંડ)
- સિલ્વર : ક્ષીરશ્રી પોર્ટલ (કેરળ)

## વેપાર કરવાની સરળતા માટે ડિજિટલ પહેલ

- પ્લેટિનમ : માઈન મિત્ર (ઉત્તરપ્રદેશ)
- ગોલ્ડ : ઈ–આબકારી (ઓડિશા)
- સિલ્વર : ઈન્વેસ્ટ પંજાબ

## સામાજિક આર્થિક વિકાસ માટે ડેટા શેરિંગ અને ઉપયોગ

- પ્લેટિનમ : સ્માર્ટ સિટીઝ મિશન, આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય
- ગોલ્ડ : CBSE
- સિલ્વર : સેન્ટર ફોર ઈ–ગવર્નન્સ (કર્ણાટક)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યો

- પ્લેટિનમ : દુઆરે સરકાર (પ. બંગાળ)
- ગોલ્ડ : ઈ–સર્વિસિસ મણિપુર

## કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગો

- પ્લેટિનમ : ICEGATE પોર્ટલ
- ગોલ્ડ : ઈ–શ્રમ

**નોંધ :** e-NAM એ એક ડિજિટલ પ્લેટફોર્મ છે જે 22 રાજ્યો અને 3 કેન્દ્રશાસિત પ્રદેશોમાં 1,260 APMC મંડીઓને એકીકૃત કરે છે. આ મંચનો ઉદ્દેશ્ય ખેડૂતોને તેમની પેદાશોના વધુ સારા લાભકારી ભાવો મેળવવા સક્ષમ બનાવવાનો છે.

**1.** કયા દિવસે 'સશસ્ત્ર દળ ભૂતપૂર્વ સૈનિક દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે ?

(A) 12 જાન્યુઆરી (B) 13 જાન્યુઆરી (C) 14 જાન્યુઆરી (D) 15 જાન્યુઆરી — **(C)**

**2.** તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કયા સ્થળે 'મિલેટ ઉત્સવ' ઉજવાયો હતો ?

(A) ગાંધીનગર (B) પાટણ (C) ડિસા (D) માંગરોળ — **(A)**

**3.** તાજેતરમાં 'ડિજિટલ ઈન્ડિયા એવોર્ડ 2022'ની કેટેગરી 'નાગરિકોનું ડિજિટલ સશક્તિકરણ' અંતર્ગત પ્લેટિનમ એવોર્ડ કોણે જીત્યો છે ?

(A) e-NAM (B) e-Transport (C) e-Vidhya (D) e-Vivechna — **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS






અન્ય મહત્વનું

# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

➤ **આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ : અમદાવાદ**




તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ 2023'નો શુભારંભ કરાવ્યો હતો. તે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 8 જાન્યુઆરી 2023 થી 14 જાન્યુઆરી 2023 દરમિયાન યોજાયો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે આ વર્ષે G20ની થીમ 'વસુધૈવ કુટુંમ્બકમ' સાથે આ વર્ષનો પતંગ મહોત્સવ ઉજવી રહ્યા છે. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ પર આયોજિત પતંગોત્સવમાં કુલ 68 દેશોના 125 જેટલા પતંગબાજો, 14 રાજ્યોના 65 પતંગબાજો તેમજ ગુજરાતના વિવિધ જિલ્લાઓના 660થી વધુ પતંગબાજો સામેલ થયા છે.

➤ **ગુજરાતનું પ્રથમ અને અત્યાધુનિક કોમ્પ્રીહેન્સિવ ટ્રાન્સપ્લાન્ટ યુનિટ**

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે અમદાવાદના મૈરિંગો સિમ્સ હોસ્પિટલ ખાતે ગુજરાતનું પ્રથમ (ખાનગી) અને અત્યાધુનિક કોમ્પ્રીહેન્સિવ ટ્રાન્સપ્લાન્ટ યુનિટનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે મૈરિંગો હોસ્પિટલના આ નવા ટ્રાન્સપ્લાન્ટ યુનિટ શરૂ થવાથી અનેક લોકોને જીવનદાન મળશે. હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફરના એડિશનલ ચીફ સેક્રેટરી શ્રી મનોજ અગ્રવાલે જણાવ્યું હતું કે આજે સિમ્સ દ્વારા એક ઐતિહાસિક પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે. અને તેમણે જણાવ્યું હતું કે આજે ટ્રાન્સપ્લાન્ટમાં ઈન્ડિયા આખા વર્લ્ડમાં ત્રીજી ક્રમ પર આવી ગયું છે.

## ભારત

➤ **સુશ્રી અવની ચતુર્વેદી**



દેશમાં પ્રથમવાર ભારતીય વાયુ સેનાની મહિલા ફાઈટર પાઈલટ વિદેશમાં હવાઈ યુદ્ધઅભ્યાસ માટે ભારતીય દળનો હિસ્સો બનશે. આ સિદ્ધિ સ્કવોડ્રન લીડર સુશ્રી અવની ચતુર્વેદીએ હાંસલ કરી છે. આ સાથે સુશ્રી અવની ચતુર્વેદી વિદેશની ધરતી પર યુદ્ધ અભ્યાસ કરનારી પ્રથમ મહિલા પાઈલટ બન્યા છે. તેઓ જાપાનમાં વીર ગાર્જિયન 2023 યુદ્ધ અભ્યાસમાં ભાગ લેશે. નોંધનીય છે કે સુશ્રી અવની ચતુર્વેદી SuMKI પાઈલટ છે.

➤ **આસામના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી**

આસામ સરકારે તાજેતરમાં વર્ષ 2022-23 માટે ત્રણ પ્રતિષ્ઠિત પુરસ્કારો પ્રાપ્તકર્તાઓની જાહેરાત કરી હતી : આસોમ વૈભવ, આસોમ સૌરવ અને આસોમ ગૌરવ. આ પુરસ્કારો રાજ્ય અને તેના લોકો માટે મહત્વપૂર્ણ યોગદાન આપનાર વ્યક્તિઓને સન્માનિત કરે છે. આસોમ વૈભવ અથવા આસમ વૈભવ એ આસામ સરકાર દ્વારા આપવામાં આવતો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે. અને આ વર્ષના પ્રાપ્તકર્તા ડો. તપન સૈકિયા છે. ડો. સૈકિયા ડિસીખા ફાઉન્ડેશનના આશ્રયદાતા છે અને તેમણે આસામ અને પૂર્વોત્તર રાજ્યોમાં જાગરૂકતા અને કેન્સરની વહેલાસર તપાસ કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. આસામ વૈભવ એવોર્ડ 5 લાખ રૂપિયાના રોકડ પુરસ્કાર સાથે આપવામાં આવે છે. અને પ્રાપ્તકર્તા તેના બાકીના જીવન માટે સરકારી ખર્ચે તબીબી સારવાર માટે હકદાર છે. જ્યારે આસામ સૌરવ એવોર્ડ કૃષ્ણા રોય, ગિલ્બર્ટ સંગમા, ડો બિનોય કુમાર રૌકિયા અને ડો. શશિધર ફૂકનને એનાયત થયો છે. તથા આસામ ગૌરવ પુરસ્કાર દેબજીત બર્મન, રુસ્તમ બસુમતરી , માંજેલા, બિનંદા હાટીબરૂઆ, અતુલ બરુઆ, શિલા ગોવાલા, ડો જોગેશ દેઉરી, ડો પંકજ લાલ ગોગોઈ, સર્વેશ્વર બસુમારી, મંથંગ હમાર, દયાલ ગોસ્વામી, ડો. સૈયદઈફિતખાર અહેમદ અને ડો. ધ્રુબજ્યોતિ શર્માને એનાયત થયો છે. આસામ સૌરવમાં 4 લાખ પુરસ્કાર અને આસામ ગૌરવમાં 3 લાખનું રોકડ પુરસ્કાર એનાયત થાય છે.

➤ **કાલાઝર રોગ**

દેશમાં 2007 અને 2022 વચ્ચે કાલાઝારના કેસોમાં 98.7 ટકાનો ઘટાડો થયો છે. વર્ષ 2007માં આ સંખ્યા 44533 હતી, જે વર્ષ 2022માં ઘટીને 834 થઈ ગઈ છે. દેશભરમાં આવા 632 બ્લોક્સ છે જ્યાં દર 10,000 વસ્તીએ એક કરતા ઓછા કાલાઝાર કેસ છે. વિસેરલ લેશમેનિયાસિસ, જેને કાલા–આઝાર તરીકે પણ ઓળખવામાં આવે છે. તે એક ઉપેક્ષિત ઉષ્ણકટિબંધીય રોગ (NTD) છે જે ભારત સહિત 100 દેશો અસરગ્રસ્ત છે. તેના લક્ષણોમાં વજનમાં ઘટાડો, તાવ, બરોળ અને યકૃતમાં સોજો વગેરે સામેલ છે.

➤ **ખેલો ઈન્ડિયા અભિયાન હેઠળ નવા કેન્દ્રો**

તાજેતરમાં કેન્દ્રીય રમતગમત અને યુવા બાબતોના મંત્રીશ્રીએ ખેલો ઈન્ડિયા અભિયાન હેઠળ દેશભરમાં 1000 કેન્દ્ર ખોલવાની જાહેરાત કરી છે. તેમાંથી 700 કેન્દ્રો ખોલી દેવામાં આવ્યા છે અને બાકીના 250 કેન્દ્રો આ વર્ષે ઓગસ્ટ સુધીમાં ખોલવામાં આવશે. રાજસ્થાનના ચિત્તોડગઢ ઈન્ડોર સ્ટેડિયમના શિલાયન્સ સમારોહ દરમિયાન જણાવવામાં આવ્યું હતું કે 2017 થી 2021 વચ્ચે સરકારે ખેલો ઈન્ડિયા અભિયાન પર 2600 કરોડ રૂપિયા મંજૂર કર્યા હતા. અને આગામી વર્ષો માટે 3400 કરોડ રૂપિયાની રકમ મંજૂર કરવામાં આવી છે.

➤ **વન વીક વન લેબ**



નવી દિલ્હીમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય દ્વારા 'વન વીક વન લેબ' અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાનની જાહેરાત CSIR લીડરશીપ કોન્ફરન્સમાં કરવામાં આવી હતી. આ ઈવેન્ટનો ઉદ્દેશ્ય ભારતમાં ટેક્નોલોજીકલ પ્રગતિ અને નવીનતા પ્રદર્શિત કરવાનો છે જેથી દેશમાં ઈનોવેશન કલ્ચરને પ્રોત્સાહન મળે. તેમજ આ અભિયાન દેશભરમાં ફેલાયેલી 37 કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ (CSIR) પ્રયોગશાળાઓ અને સંસ્થાઓમાં આયોજિત કરવામાં આવશે. 'વન વીક વન લેબ' અભિયાન વિવિધ ક્ષેત્રોમાં નિપુણતા, નવીનતા અને તકનીકી પ્રગતિનું પ્રદર્શન કરશે.

➤ **iVOFm ટેક્નોલોજી**

પાણીના દૂષણની સમસ્યાનો સામનો કરવા અને સ્વચ્છ તથા પીવાલાયક પાણીની પહોંચ વધારવા માટે ભારતીય વિજ્ઞાન શિક્ષણ અને સંશોધન સંસ્થા (Indian Institute of Science Education and Research-IISER), પુણેએ પ્રદૂષિત પાણીને સાફ કરવા માટે મેક્રો/માઈક્રોપોરસ આયનીય જૈવિક માળખુ-iVOFm રજૂ કર્યુ છે. વાયોલોજન–યુનિટ ગ્રાફ્ટેડ ઓર્ગેનિક–ફ્રેમવર્ક (iVOFm) એક અનન્ય મોલેક્યુલર સ્પોન્જ જેવી સામગ્રી છે. જે પ્રદૂષિત પાણીમાં હાજર દૂષકોને શોષી લે છે અને તેને સાફ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **Village Defence Committees**

જમ્મુ અને કાશ્મીરના ઉપરી ડાંગરી ગામમાં આતંકવાદીઓએ છ લોકોની હત્યા કર્યા પછી સ્થાનિક લોકોએ માંગ કરી કે તેઓને હુમલાખોરોના સામનો કરવા માટે હથિયારો પુરા પાડવામાં આવે. માંગણીઓનો જવાબ આપતા લેફ્ટનન્ટ ગર્વનર શ્રી મનોજ સિન્હાએ 2 જાન્યુઆરીએ લોકોને ખાતરી આપી હતી કે તેઓને ડોડા જિલ્લાની જેમ 'ગ્રામ સંરક્ષણ સમિતિ' (Village Defence Committees-VDC) મળશે. અગાઉના ડોડા જિલ્લામાં (હવે કિશતવાડ, ડોડા અને રામબન જિલ્લાઓ) આતંકવાદીઓ હુમલાઓ સામે બળ ગુણક તરીકે 1990ના દાયકાના મધ્યમાં VDCની રચના કરવામાં આવી હતી. તત્કાલીન જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્રે દૂરના પહાડી ગામોના રહેવાસીઓને હથિયાર પૂરા પાડવા અને તેમના પોતાના સંરક્ષણ માટે તેમને હથિયાર ચલાવવાની તાલીમ આપવાનો નિર્ણય લીધો હતો. VDCનું નામ બદલીને વિલેજ ડિફેન્સ ગાર્ડ્સ (VDG) રાખવામાં આવ્યું છે.

➤ **ભારત સંયુક્ત રાષ્ટ્ર મિશનમાં મહિલા શાંતિ રક્ષકોને તૈનાત કરશે**



ભારત સુદાન અને દક્ષિણ સુદાનની સરહદ પર અબેઈમાં સંયુક્ત રાષ્ટ્રના વચગાળાના સુરક્ષા દળ (United Nations Interim Security Force in Abyei - UNISFA) માટે મહિલા શાંતિ રક્ષકો (સૈનિકો)ની એક પ્લાટુન તૈનાત કરવા જઈ રહ્યુ છે. આ તૈનાત શાંતી રક્ષકો અથવા પીસકીપીંગ ટુકડીઓમાં મહિલાઓની સંખ્યા વધારવાના ભારતના પ્રયાસોનો એક ભાગ છે. વિશ્વભરમાં શાંતિ રક્ષા મિશનમાં સ્થાનિક વસતીમાં મહિલાઓ અને બાળકો સાથે જોડાવાની તેમની ક્ષમતા માટે મહિલા પીસકીપર્સને ખૂબ જ માનવામાં આવે છે. UNISFA મિશન માટેની ભારતીય ટૂકડીમાં બે અધિકારીઓ અને 25 અન્ય રેન્કનો સમાવેશ થાય છે, જેઓ સમુદાય સુધી પહોંચવામાં નિષ્ણાત હશે અને વિવિધ સુરક્ષા–સંબંધિત ફરજો નિભાવશે. ભારત યુએન પીસકીપીંગ મિશનમાં સૈનિકોનું સૌથી મોટું યોગદાન આપનાર દેશમાંનું એક છે.

➤ **'ઉત્તરપ્રદેશ ગ્લોબલ સિટી' અભિયાન**

ઉત્તરપ્રદેશ સરકારે ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ અને G20 સમિટ પહેલા 100 દિવસનું 'ઉત્તરપ્રદેશ ગ્લોબલ સિટી' અભિયન શરૂ કર્યુ છે. આ અભિયનનો ઉદ્દેશ્ય શહેરી સુવિધાઓ, હવાની ગુણવત્તા, સ્વચ્છતા અને બ્યુટીફિકેશન તેમજ કચરાના યોગ્ય નિકાલ પર ધ્યાન કેન્દ્રિત કરીને વૈશ્વિક ધોરણો સાથે રાજ્યમાં શહેરી વિસ્તારોનો વિકાસ કરવાનો છે. ઉત્તરપ્રદેશ રાજ્યની તમામ 762 શહેરી સંસ્થાઓમાં 100 દિવસનું 'ઉત્તરપ્રદેશ ગ્લોબલ સિટી' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. સરકાર આ વૈશ્વિક ઈવેન્ટમાં 'બ્રાન્ડ યુપી' રજૂ કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ડાર્ક સ્કાય સેન્ચ્યુરી (Dark Sky Century)**



લદાખના હાનલેમાં નિર્માણધીન દક્ષિણપૂર્વ એશિયાની પ્રથમ 'ડાર્ક સ્કાય સેન્ચ્યુરી' પ્રવાસીઓને ખગોળશાસ્ત્રીય દશ્યોને નજીકથી જોવા માટે સક્ષમ બનાવશે. હાલમાં વિશ્વમાં માત્ર 16 ડાર્ક સેન્ચ્યુરી અસ્તિત્વમાં છે અને તેમાંથી મોટા ભાગની યુનાઈટેડ સ્ટેટ્સમાં છે. ડાર્ક સ્કાય સેન્ચ્યુરીએ અંધારામાં તારા જોવા માટેનો સંરક્ષિત વિસ્તાર છે. તારાઓ અને ગ્રહોને જોવા માટે ગામા અને ઓપ્ટિકલ ટેલિસ્કોપ સ્થાપિત કરવામાં આવ્યા છે. આ કાર્ય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયના વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદની દેખરેખ હેઠળ કરવામાં આવી રહ્યું છે.તે લેહથી દૂર સ્થિત હોવાથી અહીં લગભગ કોઈ પ્રદૂષણ નથી. હાનલે અથવા હેનલેમાં રાત્રી એકદમ કાળી હોય છે. આવી સ્થિતિમાં તારાઓનો નજારો અદ્‌ભૂત હોય છે.

➤ **ગુજરાત અને રાજસ્થાન ભારતના અગ્રણી રોકાણ સ્થળો તરીકે ઉભરી આવ્યા**

સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી (CMEI)ના ડેટા અનુસાર ગુજરાતે સ્થાનિક અને વિદેશી કોર્પોરેશનો તરફથી નવા રોકાણને આકર્ષવામાં અન્ય તમામ ભારતીય રાજ્યોને પાછળ છોડી દીધા છે. નાણાકીય વર્ષ 2022 દરમિયાન ગુજરાત માટે રૂ.3.98 ટ્રિલિયનના નવા રોકાણોની જાહેરાત કરવામાં આવી હતી.જે નાણાકીય વર્ષ 21ના રૂ.2.91 ટ્રિલિયનના આંકડા કરતા 273 ટકા વધુ છે. બીજી તરફ નાણાકીય વર્ષ 22માં રાજસ્થાન ભારતમાં રોકાણ માટે બીજા સૌથી આકર્ષક સ્થળ તરીકે ઉભરી આવ્યું હતું.

➤ **વિશ્વની પ્રથમ ડિજિટલ પાર્ટી**

ભારતીય જનતા પાર્ટી વિશ્વની પ્રથમ સંપૂર્ણ ડિજિટલ પાર્ટી બની ગઈ છે. આ પાર્ટીમાં કાર્યકર્તાઓની સંખ્યા લગભગ 18 કરોડ છે, જેમાંથી પોસ્ટ પર કામ કરતા લોકોની સંખ્યા લગભગ 3 કરોડ છે. ઓર્ગેનાઈઝેશન રિપોર્ટિંગ એન્ડ એનાલિસિસ (સરલ) નામની એપ દ્વારા સામાન્ય જનતા માટે પાર્ટીના કારોબારી સભ્યોને પ્રમુખથી લઈને બૂથ સ્તર સુધી પહોંચવાનું સરળ બનાવવાની સાથે તે પાર્ટીની અંદર વાતચીતનું એક મહત્વપૂર્ણ માધ્યમ પણ છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

➤ **સૌરમંડળની બહાર પ્રથમ પૃથ્વી જેવો ગ્રહ**



નાસાના જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ જે નેક્સ્ટ જનરેશન ઓબ્ઝર્વેટરી છે, તેણે પૃથ્વીથી લગભગ 15,00,000 કિમી દૂર અવકાશના શૂન્યવકાશમાં એક વર્ષથી વધુ સમય પસાર કર્યા પછી આપણા સૌરમંડળની બહાર તેના પ્રથમ ગ્રહની શોધની પુષ્ટિ કરી હતી. લોરેલ મેરીલેન્ડમાં જ્હોન્સ હોપકિન્સ યુનિવર્સિટી એપ્લાઈડ ફિઝિક્સ લેબોરેટરીના ખગોળશાસ્ત્રીઓ દ્વારા આ શોધનું નેતૃત્વ કરવામાં આવ્યું હતું. સંશોધન ટીમના જણાવ્યા અનુસાર LHS 475b પૃથ્વીના કદનો પાર્થિવ ગ્રહ છે. પરંતુ સંશોધકો હજુ જાણતા નથી કે નવા ગ્રહમાં વાતાવરણ છે કે નહીં.

1. કયા દેશે 9 દેશો માટે 'મોડ્યુલર ઓપન–સોર્સ આઈડેન્ટિટી પ્લેટફોર્મ (MOSIP)' નામનું આધાર જેવું પ્લેટફોર્મ વિકસાવ્યું છે ? – ભારત

(ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી બેંગ્લોર (IIITB)એ નવ દેશો માટે આધાર જેવી ડિજિટલ ઓળખ પ્રદાન કરવા માટે એક પ્લેટફોર્મ વિકસાવ્યું છે. મોડ્યુલર ઓપન–સોર્સ આઈડેન્ટિ પ્લેટફોર્મ (MOSIP) એ ડિજિટલ ઓળખ પ્લેટફોર્મ છે. ફિલિપાઈન્સ, મોરક્કો, શ્રીલંકા, યુગાન્ડા, ઈથોપિયા, રિપબ્લિક ઓફ ગિની, સિએરા લિયોન, બુર્કિના ફાસો અને રિપબ્લિક ઓફ ટોગોલીઝના નાગરિકો આ પ્લેટફોર્મ પર નોંધણી કરશે.)

2. કુમાર પોસ્ટ સિયાચીનમાં સક્રિય રીતે તૈનાત થનાર પ્રથમ મહિલા અધિકારી કોણ છે ? – કેપ્ટન શિવ ચૌહાણ

3. કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં 'બેઈલી સસ્પેનશન બ્રિજ'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ? – જમ્મુ અને કાશ્મીર

4. કયા રાજ્યએ 'નેશનલ સ્કાઉટ એન્ડ ગાઈડ જાંબોરી'નું આયોજન કર્યું હતું ? – રાજસ્થાન

5. કઈ હાઈકોર્ટે સરકારને HIV પોઝીટીવ વ્યક્તિઓને મફત ખોરાક અને તબીબી સારવાર સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે ? – દિલ્હી હાઈકોર્ટ

6. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ગણિત વિજ્ઞાન સંસ્થા' ક્યાં આવેલી છે ? – ચેન્નાઈ

7. કયા કેન્દ્રીય મંત્રાલયે 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈનોવેશન વીક'નું આયોજન કર્યું હતું ? – વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય

(વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળના ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ (DPIIT) 10 થી 16 જાન્યુઆરી દરમિયાન 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા ઈનોવેશન વીક 2023'નું આયોજન કર્યું હતું. તેનો ઉદ્દેશ્ય ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમની ઉજવણી કરવાનો છે.)

8. સામાજિક અને ભાવનાત્મક શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે _____ રાજ્ય સરકારે 'સહર્ષ' નામનો વિશેષ શિક્ષણ કાર્યક્રમ શરૂ કર્યો છે. – ત્રિપુરા

9. 'આઝાદી સેટ (Azaadi Sat) ઉપગ્રહ કયા સ્ટાર્ટઅપ સાથે સંબંધિત છે, જેનું નિર્માણ 750 શાળાની છોકરીઓ દ્વારા કરવામા આવ્યું છે ? – સ્પેસ કિડ્સ ઈન્ડિયા

10. ઉત્તરપ્રદેશના મિર્ઝાપુર જિલ્લાના _____ વ્યક્તિ દેશના પ્રથમ મુસ્લિમ મહિલા ફાઈટર બન્યા છે. – સુશ્રી સાનિયા મિર્ઝા

11. NSOના પ્રથમ આગોતરા અંદાજ મુજબ 2022-23માં ભારતની અંદાજિત GDP વૃદ્ધિ કેટલી છે ? – 7 ટકા

INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ દિલ્હીમાં 10 જાન્યુઆરી, 2023ના રોજ લાલ કિલ્લા ખાતે 'જય હિંદ–નયા પ્રકાશ ઓર ધ્વની કાર્યક્રમ અથવા લાઈટ એન્ડ સાઉન્ડ શો'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ કાર્યક્રમ _____ ભાષામાં છે.
– હિન્દી અને અંગ્રેજી
(આ પ્રોગ્રામમાં ભારતના ઈતિહાસ અને 17મી સદીથી લઈને અત્યાર સુધીની બહાદૂરીની વાર્તાઓનું નાટ્ય પ્રસ્તુતિ થશે.)

13. તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલ 'આમંત્રણ' પોર્ટલનો હેતુ શું છે ? – આમંત્રણ વ્યવસ્થાપન
(સરકારની ઈ–ગવર્નન્સ પહેલના ભાગરૂપે એક ઓનલાઈન ઈન્વિટેશન મેનેજમેન્ટ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું. આમંત્રણ પોર્ટલનો ઉપયોગ મહાનુભાવો/મહેમાનોને ઈ–આમંત્રણ આપવા અને પ્રજાસત્તાક દિવસ અને સ્વતંત્રતા દિવસના કાર્યક્રમોમાં હાજરી આપવા માટે સામાન્ય લોકોને ટિકિટના ઓનલાઈન વેચાણ માટે કરી શકાય છે.)

14. કિલાઉઆ જ્વાળામુખી જે તાજેતરમાં સમાચારમાં હતો તે કયા દેશમાં આવેલો છે ? – હવાઈ (યુએસએ)

15. યુનાઈટેડ સ્ટેટ્સ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (USFDA)એ અલ્ઝાઈમરની દવા _____ ને ફાસ્ટટ્રેક મંજૂરી આપી છે ? – લેકેનેમેબ (Lecanemab)

16. તાજેતરમાં કયા રાજ્યએ Whatsappનો ઉપયોગ કરીને ફરિયાદ નોંધાવવા માટે ઉદ્યોગસાહસિકો માટે સુવિધા શરૂ કરી છે ? – કેરળ

17. 17માં પ્રવાસી ભારતીય દિવસ પર ભારત અને _____ દેશે યંગ પ્રોફેશનલ યોજના (YPS) શરૂ કરવાનો નિર્ણય લીધો છે. – યુનાઈટેડ કિંગ્ડમ

18. કઈ ભારતીય જાહેર ક્ષેત્રની બેંકને શ્રીલંકાની ત્રણ બેંકોના વિશેષ રૂપિયા વોસ્ટ્રો ખાતા રાખવા માટે ભારતીય રિઝર્વ બેંકની મંજૂરી મળી છે ? – ઈન્ડિયન બેંક

19. કઈ સંસ્થા ફૂડ પ્રાઈસ ઈન્ડેક્સ (FPI) પ્રકાશિત કરે છે ? – FAO

20. વર્ષ 2022માં નેશનલ ક્લીન એર પ્રોગ્રામ દ્વારા CPCB હવા ગુણવત્તા ડેટા વિશ્લેષણ અનુસાર _____ 99.7 Ug/m3ની વાર્ષિક સરેરાશ સાંદ્રતા (PM 2.5) સાથે ટોચનું પ્રદૂષિત શહેર હતું. – દિલ્હી

21. ભારત સરકાર માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા _____ દરમિયાન 'સ્વચ્છતા પખવાડા' અંતર્ગત માર્ગ સુરક્ષા સપ્તાહનું આયોજન કર્યુ હતું. – 11 થી 17 જાન્યુઆરી

22. ભારતના કયા રાજ્યએ જાતિ આધારિત વસતી ગણતરી શરૂ કરી છે ? – બિહાર

23. કઈ સંસ્થાએ 'ઔદ્યોગિક એકમો અને પ્રયોગશાળાઓના મેપિંગ માટેનું પોર્ટલ' (Portal for Mapping of Industrial Unitsand Laboratories) શરૂ કર્યુ છે ? – BIS

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સફળતાની એક જ કહાની,
## ICE સંગે કારકિર્દી દીવાની...

# CONSTABLE-2022

## માં નિમણૂક થવા બદલ ખુબ ખુબ અભિનંદન




ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે, રાજકોટ

+91 93280 01110 | 93757 01110

સફળતાની એક જ કહાની,
ICE સંગે કારકિર્દી દીવાની...

# CONSTABLE-2022

## માં નિમણૂક થવા બદલ ખુબ ખુબ અભિનંદન




ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે, રાજકોટ
+91 93280 01110 | 93757 01110


સફળતાની એક જ કહાની,
ICE સંગે કારકિર્દી દીવાની...
CONSTABLE-2022
માં નિમણૂક થવા બદલ ખુબ ખુબ અભિનંદન
MAHENDRA GHOYAL
KRUSHNARAJSINH JADEJA
SANJAYKUMAR SINDHAV
AJAY SURELA
JANAKSINH PADHIYAR
BHARATBHAI GOHIL
JAGDISHBHAI RATHAVA
JAGUBEN VANK
JASHVANTBHAI SOSA
SAULBHAI CHAUDHARI
PRAKASH KUMARKHANIYA
GUNJAN ROLA
KISHANKUMAR SOLANKI
CHIRAG CHAVADA
KAJAL MAKWANA
NUTANBEN CHAVDA
JAYDIPSINH JADEJA
AARTI VITHLANI
HARDIK GOSAI
SHITAL DODIYA
JIGNESH SHEKH
SAMARTH MEHTA
HETALBEN SISODIYA
BHAVESHBHAI BERANI
VISHAL JADAV
DEVARSH OZA
RAVI GANGADIYA
SAMIR KHAN
SURBHI PIPALIYA
VISHAL DANGAR
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે, રાજકોટ
+91 93280 01110 | 93757 01110

## સફળતાની એક જ કહાની,
## ICE સંગે કારકિર્દી દીવાની...

# CONSTABLE-2022

## માં નિમણૂક થવા બદલ ખુબ ખુબ અભિનંદન


RAJDEEPSINH JADEJA


HIMMATSINH JADAV


SANDIPBHAI GADHAVI


MAHIPALSINH JADEJA


TUSHAR JANI


BALDEV VAGHELA


AJAYSINH CHUDASAMA


SANDIP PARMAR


HARDIK BORICHA


HARPALSINH GOHIL


VISHAL MAJITHIYA


SHILPABEN JOSHI


DIVYRAJSINH JADEJA


SHAILESH RATHOD

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે, રાજકોટ
+91 93280 01110 | 93757 01110

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT